RNI NO. GUJ/GUJ/2004/15191

LEELA NEWS NETWORK P. LTD

ભાવનગર, રાજકોટ, જામનગર અને અમરેલીથી એક સાથે પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક

# સૌરાષ્ટ્ર આસપાસ

સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર !

BHAVNAGAR
www.aaspassdaily.com

LEELA WORLD WIDE
લીલા વર્લ્ડ વાઈડ ગ્રુપનું અખબાર સમુહ

● મેનેજીંગ તંત્રી : કોમલકાંત શર્મા   બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫ ફેક્સ : ૨૫૧૪૫૧૫

● સંવત ૨૦૮૨ મહા વદ -૨   મંગળવાર, તા.૦૩-૦૨-૨૦૨૬   અંક : ૭૯ વર્ષ : ૨૩   news@aaspassindia.com   કિંમત રૂા. ૨-૫૦   પાના - ૮

# આત્મવિશ્વાસ થકી વિકસિત ભારતનું સ્વપ્ન થશે સાકાર : પીએમ મોદી

## ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર થયા બાદ વડાપ્રધાનની પ્રથમ પ્રતિક્રિયા : વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આભારની લાગણી વ્યક્ત કરી

નવી દિલ્હી

ભારત-અમેરિકા વેપાર કરાર પર પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મીડિયા સમક્ષ પોતાની પહેલી પ્રતિક્રિયા આપી છે. જ્યારે પીએમ મોદી એનડીએ સંસદીય પક્ષની બેઠકમાં હાજરી આપવા માટે સંસદ એનેક્સી બિલ્ડીંગ પહોંચ્યા, ત્યારે ત્યાં હાજર ઘણા પત્રકારોએ તેમને ભારત-અમેરિકા વેપાર કરાર પર અભિનંદન આપ્યા, જેના પર પીએમ મોદીએ હસીને બધાનો આભાર માન્યો.

ભારત અને અમેરિકા વચ્ચેના વેપાર કરાર હેઠળ અમેરિકા ભારતીય માલ પર પારસ્પરિક ટેરિફ વર્તમાન ૨૫ ટકાથી ઘટાડીને ૧૮ ટકા કરશે. જોકે, નવા ટેરિફ ક્યારે અમલમાં આવશે તે હજુ નક્કી નથી. ભારત કયા અમેરિકન ઉત્પાદનોની ખરીદી વધારશે? અને વેપાર અવરોધો કેવી રીતે ઘટાડવામાં આવશે? અમેરિકાએ ભારતીય માલ પર ૫૦% ટેરિફ લાદ્યા બાદ વેપાર સંબંધો તણાવપૂર્ણ બન્યા, જેમાં રશિયન તેલ ખરીદી પર ૨૫% ટેરિફનો સમાવેશ થાય છે.

અગાઉ, ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટમાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આત્મવિશ્વાસ એ શક્તિ છે જે બધું શક્ય બનાવે છે અને વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં મદદ કરશે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં પીએમ મોદીએ લખ્યું, "આત્મવિશ્વાસ એ શક્તિ છે જેના બળ પર બધું જ શક્ય છે. દેશવાસીઓની આ શક્તિ વિકસિત ભારતના સ્વપ્નને સાકાર કરવામાં ખૂબ ઉપયોગી થશે." પીએમ મોદીએ શેર કરેલા સંસ્કૃત શ્લોકનો અર્થ એ છે કે સંપત્તિ યોગ્ય કાર્યો દ્વારા કમાય છે. શ્લોકમાં લખ્યું છે, "તે (સંપત્તિ) હિંમત અને આત્મવિશ્વાસથી વધે છે, કૌશલ્ય અને કાર્યક્ષમતાથી સ્થિર રહે છે, અને શિસ્તથી સુરક્ષિત રહેવા પર રાષ્ટ્રની પ્રગતિમાં ફાળો આપે છે." ભારત અને અમેરિકા વચ્ચે વેપાર કરાર પર કરાર થયાના થોડા કલાકો પછી પીએમ મોદીએ આ પોસ્ટ કરી હતી.



## ભારત યુએસ પાસેથી ૫૦૦ બિલિયન ડોલરની ખરીદી કરશે

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકન પ્રમુખ ટ્રમ્પ વચ્ચે વાતચીત બાદ બન્ને નેતાઓએ વેપાર કરાર પર સહમતિ થઈ હોવાની જાહેરાત કરી

નવી દિલ્હી,

લાંબી વાટાઘાટો બાદ ભારત અને યુએસ વચ્ચે વેપાર કરાર થયો છે, યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગઈ કાલે સોમવારે કરારની જાહેરાત કરી હતી. ભારતે પણ આ કરારની પુષ્ટિ કરી છે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ એક જાહેર નિવેદનમાં આ પગલાનું સ્વાગત કર્યું છે.

કરાર મુજબ યુએસ ભારત લગાવેલો ૨૫ ટકા રેસિપ્રોકલ ટેરીફ ઘટાડીને ૧૮ ટકા કરવામાં આવ્યો છે, બદલમાં ભારતની બજારમાં યુએસની પહોંચને સરળ બનાવવામાં આવી છે. ટ્રમ્પના જણાવ્યા મુજબ ભારત રશિયન પેટ્રોલીયમની ખરીદી બંધ કરવા તૈયાર થયું છે. ટ્રમ્પે એમ પણ કહ્યું કે ભારત યુએસના ઉત્પાદનોઓ પર ટેરિફ ઘટાડવા અને નોન-ટેરિફ અવરોધોને સપૂર્ણ પણે દુર કરવા તૈયાર છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં, વડા પ્રધાન મોદીએ કહ્યું કે ટ્રમ્પ સાથેની વાતચીત "અદ્ભુત" ગણાવી અને યુએસમાં આયાત થતા ભારતના ઉત્પાદનો રેસિપ્રોકલ ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કરવા બદલ તેમનો આભાર માન્યો. જોકે, ભારત સરકાર તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદનમાં રશિયન પેટ્રોલિયમની ખરીદી બંધ કરવા અંગે કોઈ ઉલ્લેખ નથી.

વેપાર કરાર અંગે અત્યાર સુધી મળેલી માહિતી:યુએસમાં ભારતીય ઉત્પાદનો પર રેસિપ્રોકલ ટેરિફ ૨૫% થી ઘટાડીને ૧૮% થશે યુએસ-ભારત વેપાર કરાર તાત્કાલિક અમલમાં આવશે ભારત યુએસ ૫૦૦ બિલિયન ડોલરથી વધુનો માલ ખરીદશેટ્રમ્પનાં દાવા મુજબ ભારત યુએસના ઉત્પાદનો પર ટેરિફ ઘટાડશે અને નોન-ટેરિફ અવરોધોને સંપૂર્ણ દુર કરશે ટ્રમ્પના દાવા મુજબ ભારત રશિયા પાસેથી પેટ્રોલિયમ ખરીદવાનું બંધ કરશે, ભારત યુએસ અને સંભવતઃ વેનેઝુએલા પાસેથી પેટ્રોલિયમ ખરીદશે.

## શેરબજાર અને સોના ચાંદીના બજારમાં તેજી

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત પરના ટેરિફમાં ૧૮ ટકા ઘટાડો કરવાની જાહેરાત કરી, જેના પરિણામે ભારતીય બજારમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો. આજે શેરબજાર ખુલતા જ સેન્સેક્સ ૨,૫૪૬ પોઈન્ટથી વધુ વધ્યો, જ્યારે નિફ્ટી ઈન્ડેક્સ પણ ૭૨૪ પોઈન્ટ ઉછળ્યો.આ ઉપરાંત સોના ચાંદીના બજારમાં પણ તેજી જોવા મળી છે.આજે ચાંદીના ભાવમાં રૂ.૧૮૦૦૦ અને સોનાના ભાવમાં રૂ.૬૦૦૦ નો ઉછાળો જોવા મળ્યો હતો.મહિનાઓ સુધી વાટાઘાટો બાદ આખરે ભારત અને અમેરિકા વચ્ચે ટ્રેડ ડીલ થઈ છે. ગઈકાલે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેલિફોનિક વાતચીત કરી. જે બાદ બંને નેતાઓએ સોશિયલ મીડિયા પર ટ્રેડ ડીલ અંગે જાહેરાત કરી. અમેરિકાએ ભારત પરનો ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કર્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે ભારત હવે રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે. જેથી યુક્રેન યુદ્ધ રોકવામાં મદદ મળશે. બીજી તરફ તેમણે બીજો એક દાવો એવો પણ કર્યો કે ભારતમાં અમેરિકાની પ્રોડક્ટ્સ પર ટેરિફમાં ધરખમ ઘટાડો કરાશે. એનર્જી, ટેકનિક, કૃષિ સહિતના સેક્ટરમાં અમેરિકાની વસ્તુઓ માટે ભારતના માર્કેટના દરવાજા ખોલવામાં આવશે. ટ્રમ્પનો દાવો છે કે અમેરિકાની ૫૦૦ અબજ ડોલરની વસ્તુઓ ભારતમાં વેચાશે. ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પની સાથે વડાપ્રધાન મોદીએ પણ ટ્વિટ કરીને જાહેરાત કરી હતી. જોકે તેમણે તેમના નિવેદનમાં ક્યાંય ભારત રશિયાથી ઓઈલ નહી ખરીદે તેવી કોઈ પુષ્ટિ કરી નથી. કૃષિ પ્રોડક્ટ્સને લઈને પણ તેમણે કોઈ પુષ્ટિ નથી કરી.

### અમેરિકાએ ટેક્સ ઘટાડી ૧૮ ટકા કર્યો

અમેરિકાએ ભારત પરનો ટેરિફ ઘટાડીને ૧૮ ટકા કર્યો છે. અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો દાવો છે કે ભારત હવે રશિયાથી ઓઈલ ખરીદવાનું બંધ કરી દેશે. જેથી યુક્રેન યુદ્ધ રોકવામાં મદદ મળશે. આ સિવાય તેમણે બીજો એક દાવો એવો પણ કર્યો કે ભારતમાં અમેરિકાની પ્રોડક્ટ્સ પર ટેરિફમાં ધરખમ ઘટાડો કરાશે. એનર્જી, ટેકનિક, કૃષિ સહિતના સેક્ટરમાં અમેરિકાની વસ્તુઓ માટે ભારતના માર્કેટના દરવાજા ખોલવામાં આવશે. ટ્રમ્પનો દાવો છે કે અમેરિકાની ૫૦૦ અબજ ડોલરની વસ્તુઓ ભારતમાં વેચાશે. ટ્રેડ ડીલ અંગે ટ્રમ્પની સાથે વડાપ્રધાન મોદીએ પણ ટ્વિટ કરીને જાહેરાત કરી હતી. જોકે તેમણે તેમના નિવેદનમાં ક્યાંય ભારત રશિયાથી ઓઈલ નહી ખરીદે તેવી કોઈ પુષ્ટિ કરી નથી. કૃષિ પ્રોડક્ટ્સને લઈને પણ તેમણે કોઈ પુષ્ટિ નથી કરી.

# રેતી અને કોલસાની દાણચોરી મામલે દિલ્હીથી બંગાળ સુધી ઈડીના દરોડા

## દિલ્હી,કોલકાતા, આસનસોલ, દુર્ગાપુર અને પશ્ચિમ વર્ધમાન જિલ્લાના અનેક વિસ્તારોમાં ઈડીની ટીમ વહેલી સવારે ત્રાટકી

નવી દિલ્હી

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટએ પશ્ચિમ બંગાળ અને દિલ્હીમાં આજે અનેક સ્થળોએ એક સાથે દરોડા પાડ્યા હતા. ગેરકાયદેસર રેતી અને કોલસાની દાણચોરીની તપાસના સંદર્ભમાં આ દરોડા પાડવામાં આવ્યા હતા. દિલ્હી, કોલકાતા, આસનસોલ, દુર્ગાપુર અને પશ્ચિમ વર્ધમાન જિલ્લાના અનેક વિસ્તારોમાં આજે સવારે ૬:૩૦ વાગ્યાની આસપાસ દરોડા પાડવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન કેન્દ્રીય સશસ્ત્ર દળના કર્મચારીઓ પણ હાજર હતા.

દરોડામાં બડબડ પોલીસ સ્ટેશનના નવા નિયુક્ત ઓફિસર-ઈન-ચાર્જ મનોરંજન મંડલનું ઘર પણ હતું. તેમણે હજુ સુધી ઔપચારિક રીતે ચાર્જ સંભાળ્યો ન હતો. અગાઉ, બારાબણી પોલીસ સ્ટેશનમાં પોસ્ટિંગ દરમિયાન તેમને ભ્રષ્ટાચારના આરોપસર સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા અને બાદમાં તેઓ આસનસોલ પોલીસ સ્પેશિયલ બ્રાન્ચમાં જોડાયા હતા. તેમને તાજેતરમાં જ પુનઃસ્થાપિત કરવામાં આવ્યા હતા, પરંતુ ઈડીની આ કાર્યવાહીએ તેમની નિમણૂક પર ફરીથી પ્રશ્નાર્થ મૂક્યો છે.

ઈડીએ આ વિસ્તારમાં ઘણા રેતી અને કોલસાના વેપારીઓના ઘરો અને ઓફિસો પર પણ દરોડા પાડ્યા હતા. દુર્ગાપુરના સેપ્કો વિસ્તારમાં રેતી ઉદ્યોગપતિ પ્રબીર દત્તા (કેકે મિનરલ્સના માલિક) અને તેમના ભાઈ અમિત દત્તાના ઘરોમાં દરોડા પાડવામાં આવ્યા હતા.

આ કંપની બાંકુરા, પશ્ચિમ અને પૂર્વ વર્ધમાન જિલ્લામાં રેતી ખાણો ચલાવે છે અને પાનાગઢમાં તેની ઓફિસો છે.

પાનાગઢમાં રેતી ઉદ્યોગપતિ શેખ હાશિમ મિર્ઝા બેગ, ભક્તનગર, આંદુલમાં શેખ કિરણ મંડલ અને પાંડેભેશ્વરમાં કોલસા ઉદ્યોગપતિ શેખ મૈજુલના પરિસરમાં પણ દરોડા પાડવામાં આવ્યા હતા. કોલકાતા અને દિલ્હીમાં અનેક સ્થળોએ દરોડા ચાલુ રહ્યા. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ તપાસ ગયા મહિને કોલકાતામાં આઈ.પેક પર દરોડા પાડતા કોલસા કૌભાંડના કેસથી અલગ હતી.

## અમેરિકા અને ઈરાન વચ્ચે તણાવ ઘટાડવા તુર્કીએ મેદાને

નવી દિલ્હી

તુર્કી આ અઠવાડિયાના અંત સુધીમાં અમેરિકા અને ઈરાન વચ્ચે બેઠક ગોઠવવાનો પ્રયાસ કરી રહ્યું છે. તેનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે વધતા તણાવ અને યુદ્ધના જોખમને ઘટાડવાનો છે. જોકે, અમેરિકા કે ઈરાન બંનેમાંથી કોઈએ પુષ્ટિ આપી નથી કે તેઓ કોઈ વાટાઘાટોમાં ભાગ લેશે કે નહી. તુર્કીના અધિકારીઓ અમેરિકાના રાજદૂત સ્ટીવ વિટકોફ અને ઈરાની નેતાઓ વચ્ચે સીધી વાટાઘાટો ઈચ્છે છે.

આ વચ્ચે, અમેરિકાએ તેનું શક્તિશાળી યુદ્ધ જહાજ યુએસએસ અબ્રાહમ લિંકન અને અનેક મિસાઈલ વિનાશક જહાજો મધ્ય પૂર્વમાં તૈનાત કર્યા છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું છે કે ઈરાન સાથે વાટાઘાટો ચાલી રહી છે. તેમણે આશા વ્યક્ત કરી કે કોઈ કરાર થશે, પરંતુ ચેતવણી આપી છે કે જો કંઈ ન થાય, તો તેના પરિણામો ભયંકર હોઈ શકે છે. યુએસ સંરક્ષણ સચિવે હાલમાં ઈરાનમાં શાસન પરિવર્તનની કોઈપણ યોજનાનો ઈનકાર કર્યો છે.

## ભાજપ નેતા પંકજા મુંડેના હેલીકોપ્ટરમાં ખામી સર્જાતા ઉડાન મોકૂફ

મુંબઈ

મહારાષ્ટ્રના બારામતીમાં થયેલા પ્લેન ક્રેશમાં મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન અજિત પવારનું મૃત્યુ નીપજ્યું હતું, જેને કારણે મહારાષ્ટ્ર અને દેશભરના રાજકારણમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. આ દુર્ઘટના બાદ રાજકારણીઓ હવાઈ મુસાફરી અંગે સતર્કતા દાખવી રહ્યા છે. આજે ભાજપ નેતા અને કેબિનેટ પ્રધાન પંકજા મુંડેના હેલિકોપ્ટરમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી, જેના કારણે ફ્લાઈટ મુલતવી રાખવામાં આવી હતી.

## ટ્રેડ ડીલની અસર : રૂપિયાના મૂલ્યમાં થયો વધારો

### આજના શરૂઆતી કારોબારમાં ડોલર સામે રૂપિયો ૧૧૯ પૈસા મજબૂત બન્યો

મુંબઈ

મંગળવારે શરૂઆતના વેપારમાં રૂપિયો તીવ્ર રીતે મજબૂત થયો, ભારત-અમેરિકા વેપાર કરાર હેઠળ ૧૮% ટેરિફ ઘટાડા બાદ ડોલર સામે ૧૧૯ પૈસા વધીને ૯૦.૩૦ પર ખુલ્યો. આ પગલાથી ભારતની સંબંધિત સ્થિતિ મજબૂત થઈ છે અને FIIs પાછા ફરવાની આશા વધી છે.

મંગળવારે શરૂઆતના વેપારમાં રૂપિયો તીવ્ર રીતે મજબૂત થયો, ભારત-અમેરિકા વેપાર કરાર હેઠળ ૧૮% ટેરિફ ઘટાડા બાદ ડોલર સામે ૧૧૯ પૈસા વધીને ૯૦.૩૦ પર ખુલ્યો. આંતરબેંક વિદેશી વિનિમય બજારમાં તેના અગાઉના બંધ ૯૧.૪૯ થી આ એક નોંધપાત્ર વધારો માનવામાં આવે છે.ફોરેક્સ વેપારીઓ કહે છે કે ૧૮% ટેરિફથી કથા બદલાઈ ગઈ છે, ભારતની સંબંધિત સ્થિતિ સુધરી છે અને FIIs પાછા ફરવાની શક્યતા વધી છે.

ફિનરેક્સ ટ્રેઝરી એડવાઈઝર્સ LLP ના ટ્રેઝરી હેડ અનિલ કુમાર ભણસાલીના જણાવ્યા અનુસાર, લગભગ નવ મહિનાના વિલંબ પછી જાહેર કરાયેલ આ વેપાર કરાર, જે યુએસ પ્રમુખ ટ્રમ્પ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો અને વડા પ્રધાન મોદી દ્વારા સમર્થન આપવામાં આવ્યું હતું, તે ભારતને બાંગ્લાદેશ અને પાકિસ્તાન જેવા પડોશી દેશો પર નિકાસ લાભ આપે છે. તેમણે કહ્યું કે FII ના લાંબા ગાળાના વેચાણકર્તાઓ હવે ભારતીય શેર ખરીદી શકે છે. જોકે, ભવિષ્યની દિશા માટે ભારતીય રિઝર્વ બેંકના વલણ પર નજર રાખવી મહત્વપૂર્ણ રહેશે.

વૈશ્વિક મોરચે, ડોલર ઈન્ડેક્સ ૦.૨૦ ટકા ઘટીને ૯૭.૪૩ પર પહોંચ્યો, જ્યારે બ્રેન્ટ ક્રૂડ ઓઇલ ૦.૪૧ ટકા ઘટીને ઈ૬૬.૦૩ પ્રતિ બેરલ પર ટ્રેડ થઈ રહ્યું હતું. સ્થાનિક શેરબજારમાં મજબૂત તેજી જોવા મળી. સેન્સેક્સ ૨,૧૩૮ પોઈન્ટ (૨.૬૨%) વધીને ૮૩,૮૦૪.૫૪ પર પહોંચ્યો, અને નિફ્ટી ૬૦૭ પોઈન્ટ (૨.૪૨%) વધીને ૨૫,૬૯૫.૪૦ પર પહોંચ્યો.



# ખેડુતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે ઘઉંની સીધી ખરીદી કરાશે

## લઘુતમ ટેકાનો ભાવ પ્રતિ કવીન્ટલ રૂ. ૨,૫૮૫ જાહેર, નોંધણીનો પ્રારંભ કરાયો

ભાવનગર,તા.૩

ભારત સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સીઝન ૨૦૨૬-૨૭ માટે ઘઉંનો લઘુતમ ટેકાના ભાવ રૂ. ૨,૫૮૫ પ્રતિ ક્વી. જાહેર કરવામાં આવેલ છે જે અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ખેડૂતોને તેઓના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રવિ માર્કેટિંગ સીઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત લઘુત્તમ ટેકાના ભાવે ઘઉંની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડ મારફતે કરવામાં આવનાર છે.

લઘુતમ ટેકાના ભાવે ઘઉંના વેચાણ કરવાની ઈચ્છા ધરાવતા ખેડૂતોની ઓનલાઈન નોંધણી સમગ્ર રાજ્યમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ ફઝઈ મારફતે તા.૦૧/૦૨/૨૦૨૬ થી તા.૦૧/૦૩/૨૦૨૬ સુધી કરવામાં આવશે. તેમજ ઘઉંની ખરીદી તા.૦૪/૦૩/૨૦૨૬ થી તા.૧૫/૦૫/૨૦૨૬ સુધી કરવામાં આવશે. ખેડુત ખાતેદારના બાયોમેટ્રિક ઓથેન્ટીકેશન દ્વારા જ જથ્થાની ખરીદી કરવામાં આવશે.

ખેડૂત મિત્રોએ નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, અધ્યતન ગામ નમુનો, ૭/૧૨, ૮/અ ની નકલ, તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨, ૮/અ ના થઈ હોય તો તલાટીના સહી સિક્કા વાળો દાખલો, ખેડુતના નામના બેન્ક ખાતાની વિગત, બેન્ક પાસબુકની નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાની રહેશે. ખેડૂતોએ તેમના પાકનું લઘુતમ ટેકાના ભાવે વેચાણ કરવા માટે સબંધિત ગ્રામ પંચાયતનો સંપર્ક કરી ફરજિયાત ઓનલાઈન નોંધણી કરવાની રહેશે.

SMS - ટેકાના ભાવે ખરીદી માટે રજીસ્ટ્રેશન કરાવેલ ખેડૂતોને SMS મારફતે ખરીદી અંગેની જાણ કરવામાં આવશે. ખરીદી સમયે ખેડૂતે પોતાનુ આધારકાર્ડ/ ઓળખપત્ર સાથે રાખવાનું રહેશે. ડોક્યુમેન્ટની ચકાસણી દરમિયાન જો ખોટા ડોક્યુમેન્ટ અપલોડ કરાયા હોવાનું ધ્યાને આવશે તેવા કિસ્સામાં ક્રમ રદ કરવામાં આવશે. વધુ માહિતી માટે તથા નોંધણી માટે હેલ્પલાઈન નંબર ૮૫૧૧૧૭૧૭૧૮ તથા ૮૫૧૧૧૭૧૭૧૯ પર સંપર્ક કરવાનો રહેશે.

## સંત રોહિદાસ બાપાની જન્મજયંતિએ સર ટી. હોસ્પિટલના પ્રસુતિ વોર્ડમાં શીરાનું વિતરણ



સમાજમાં સમાનતા, માનવતા અને ભક્તિનો પ્રકાશ ફેલાવનારા મહાન સંત શિરોમણી પૂ.રોહિદાસ બાપાની જન્મજયંતિ નિમિત્તે, ભાવનગર શહેર કોંગ્રેસ SC ડિપાર્ટમેન્ટ દ્વારા પુષ્પ માળા અર્પણ કરવામાં આવી તેમજ સર ટી. હોસ્પિટલના પ્રસૂતિ વોર્ડમાં શુદ્ધ ઘી નો શીરો વિતરણ કરવામાં આવ્યો. કાર્યક્ર્મમાં BMC વિપક્ષ નેતા જીતુભાઈ સોલંકી પૂર્વ પ્રમુખ પ્રકાશભાઈ વાઘાણી,ભાવનગર શહેર કોંગ્રેસ SC ડિપાર્ટમેન્ટના ચેરમેન વિપુલભાઈ ખુમાણ સામાજીક આગેવાન માવજીભાઈ સરવૈયા, રઘુભાઈ ડાભી, ગીતાબેન પરમાર, હંસાબેન વાળા, હંસાબેન પરમાર,ચેતભાઈ રાઠોડ, નરશી ભાઈ ચુડાસમા,ભાસ્કરભાઈ, વિનોદભાઈ બાબરીયા, G.P. મકવાણા, ઈબ્રાહિમભાઈ સરવૈયા, સુરેશભાઈ વાઘેલા, મોન્ટુભાઈ રાઠોડ, મોહનભાઈ વાળા, મુકેશભાઈ ચૌહાણ, સુરેશભાઈ રાઠોડ તથા અન્ય આગેવાનો હાજર રહ્યા હતા.

# ભાવ. જિલ્લામાં ૨૪૭ સખી મંડળોને ૫૪૩ લાખની લોન સહાય અપાઈ

## તમામ તાલુકાઓમાં નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન અંતર્ગત વિવિધ કેશ ક્રેડિટ કેમ્પો યોજાયા

ભાવનગર,તા.૩

ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક જયશ્રીબેન જરુના માર્ગદર્શન હેઠળ ભાવનગર જિલ્લાના તમામ તાલુકાઓમાં નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન (NRLM) યોજના અંતર્ગત વિવિધ કેશ ક્રેડિટ કેમ્પોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પોના માધ્યમથી જિલ્લામાં કુલ ૨૪૭ સખી મંડળ જૂથોને રૂ. ૫૪૩ લાખની લોન સહાય આપવામાં આવી હતી.

ગત રોજ યોજાયેલા કેશ ક્રેડિટ કેમ્પોમાં ફરીયાદકા ગામ ખાતે ૩૯ સખી મંડળોને રૂ. ૬૨ લાખ, ગારીયાધાર તાલુકા પંચાયત કચેરી ખાતે ૪૩ સખી મંડળોને રૂ. ૧૨૫ લાખ, ઘોઘા તાલુકાની ઉૅઢહ્ળઝ ચિત્રા શાખા ખાતે ૧૭ સખી મંડળોને રૂ. ૭૦ લાખ, જેસર તાલુકાના માતાજીના મઢ ખાતે ૧૩ સખી મંડળોને રૂ. ૨૪ લાખ, મહુવા તાલુકાના કતપર ગામે ૨૩ સખી મંડળોને રૂ. ૫૫ લાખ, પાલીતાણા તાલુકા પંચાયત કચેરી ખાતે ૩૩ સખી મંડળોને રૂ. ૬૫ લાખ, શિહોર તાલુકાના વળાવડ ગામે ૧૧ સખી મંડળોને રૂ. ૨૫ લાખ, તળાજા તાલુકાના ટીમાણા ગામે ૬ સખી મંડળોને રૂ. ૧૭ લાખ, ઉમરાળા તાલુકા પંચાયત કચેરી ખાતે ૪૭ સખી મંડળોને રૂ. ૭૦.૫ લાખ તેમજ વલ્લભીપુર તાલુકા પંચાયત કચેરી ખાતે યોજાયેલા કેશ ક્રેડિટ કેમ્પમાં ૧૫ સખી મંડળોને રૂ. ૩૦ લાખની લોન મંજૂર કરવામાં આવી હતી.

કેમ્પ દરમિયાન સખી મંડળની બહેનોને નેશનલ રૂરલ લાઈવલીહુડ મિશન યોજનાની માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત, બેંકોના અધિકારીઓ દ્વારા સખી મંડળોને મળતી લોન તથા વિવિધ સહાય યોજનાઓ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.આ સમગ્ર કેશ ક્રેડિટ કેમ્પનું આયોજન ભાવનગર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા કરવામાં આવ્યું હતું.

### શિવકુંજ આશ્રમે આધ્યાત્મિક વિદ્યાર્થી યુવા શિબિરનું સુંદરકાંડ યજ્ઞ દ્વારા સમાપન

# વૈદિક સભ્યતા વિશ્વની સંસ્કૃતિમાં મેરૂ શિખરથી ઉંચી છે - મોરારીબાપુ

**" શિક્ષણ દ્વારા નૈતિક અને સાંસ્કૃતિક મૂલ્યોના જતન માટે અધ્યાત્મનું ઉમેરણ આવશ્યક છે " સીતારામબાપુ**




ભાવનગર,તા.૩

સોમવારે શિબિરના સમાપન પ્રસંગે શિબિરમાં પૂ. મોરારીબાપુએ ઉપસ્થિત રહીને શિબિરાર્થીઓના સદભાગ્યની સરાહના કરી હતી. તેઓએ કહ્યું હતું કે વૈશ્વિક સભ્યતા એ વૈદિક વિચારો અને વેદાંતની સભ્યતાને સ્વીકારવી પડશે, સંસ્કૃત વગર કોઈ સંસ્કૃતિ ટકશે નહીં અને સમગ્ર વિશ્વ એ પરિવાર છે એવી ભાવના વેદ જ આપી શકે એમ જણાયું હતું .

અને સર્વે ભવન્તુ સુખીના એ મંત્રથી ભારતીય સંસ્કૃતિએ સમગ્ર વિશ્વના વિચારોને સંઘર્યા છે અને સમગ્ર વિશ્વ એ ભૂવનત્રયમ એટલે સ્વદેશ છે એવું કહીને આ દુનિયાને વસુદેવ કુટુંબકમની ભાવના આપનારી સંસ્કૃતિ એ ભારતીય સંસ્કૃતિ છે એમાં સનાતન એ શિખર છે એવું જણાવીને આ શિબિરો દ્વારા પૂજ્ય સીતારામ બાપુ શિબિરાર્થીઓના જીવનની રખેવાળી કરે છે અને શાળાનું શિક્ષણ એ ડિગ્રી આપે છે જ્યારે આ શિબિરનું શિક્ષણ વૃત્તિ પલટાવે છે. આશ્રમની જગ્યા કેટલી છે એ ખબર નથી પણ પૂજ્ય બાપુના દિલમાં ખૂબ મોટી જગ્યા છે એમ કહ્યું હતું. વેદ એ આપણી ગંગોત્રી છે, ગૌમુખ છે અને સમગ્ર વિશ્વના સંસ્કારોમાં શિખરસ્ત સંસ્કાર એ વેદ સંસ્કાર છે અને આપણા માટે પાંચ સેવાની એમણે વાત કરી હતી જેમાં (૧) દેહની સેવા (૨) દેવની સેવા (૩) દેશ સેવા ( ૪ ) દીન સેવા અને (૫) દિલની સેવા એટલે કે આપણા હૃદયમાં રહેલા ઈશ્વરની સેવા એટલે કે ઈશ્વર આપણા વર્તનથી દુભાય નહિં એવા સંસ્કારો જાળવવાની શીખ આપી હતી. પૂજ્ય સીતારામ બાપુ સમગ્ર જગતના શુભ કલ્યાણ માટે આ શિબિર રોજે છે એટલે આ શિબિરમાંથી મળી રહેલું ફળ નહી પણ રસની ઈચ્છા આશા રાખવા કહ્યું હતું. ફળની આશા નહિં રાખીને "રસો વૈ સઃ એટલે ઈશ્વર કૃપાની આશા રાખવી એવી વાત કરીને પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો.

પૂજ્ય મોરારીબાપુએ કહ્યું હતું કે આ ૩૨મી શિબિરમાંથી કોઈ એકાદ ૩૨ લક્ષણો બને અને એ દ્વારા સનાતન સંસ્કૃતિને ઉજાગર કરે એ જ શિબિરની સાચી ફળશ્રુતિ ગણાય તેમજ આપણાથી શ્રેષ્ઠ હોય તેનાથી થોડુંક ડરીએ તો અભય પદ મળે છે અને ગીતામાં શ્રી કૃષ્ણ પ્રભુએ અભયને તેવી સંપદા ગણાય છે. આવિ શિબિરો બાળકના લોકત્વને શ્લોકત્વમાં પલટાવે તે માટે યોજાય છે

અને શિબિરાર્થીઓને મા બાપની અને દેશની સેવા કરવા માટે પોતે આશીર્વાદ આપ્યા હતા અને સમગ્ર જીવો માટે બીજાના સુખમાં આપણું સુખ છે એવું જણાવી શિબિરાર્થીઓને આ શિબિર યાદ રાખવા અને જીવનમાં એના મળેલા સંસ્કારો ઉજાગર કરવા પોતાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. શિબિરમાં આવીને ભવનાથ મહાદેવ મંદિરે દર્શન કરી પાટોત્સવના યજમાનોને આશિષ આપ્યા હતા.

દિક્ષાંત આશિષ આપતાં સીતારામ બાપુએ શિવરાત્રી અને વિચારોના આ વૃંદાવનમાં ત્રણ દિવસ જે વિચાર્યું તેને જીવનમાં ઉતારી અને જીવન જીવવા સંતો દ્વારા વિદ્વાનો દ્વારા આપવામાં આવેલા જીવન વિકાસના પાઠ્ય અને કાયમ ટકાવી રાખવા આશીર્વાદ આપ્યા હતા. દરેક શિબિરાર્થી ભાઈ બહેનોને ભગવાનમાં શ્રદ્ધા રાખી પોતાની જાતમાં શ્રદ્ધા રાખી આગળ વધવા હાકલ કરી હતી.

શિબિરમાં મૂર્ધન્ય વિદ્વાન ડોક્ટર ગૌતમભાઈ પટેલે સંપાદિત કરેલું શંકરાચાર્ય ભગવાનનું સંપૂર્ણ જીવનભરનું સંસ્કૃત સાહિત્ય ગુજરાતીમાં અનુવાદ કરી જે ૧૫ પુસ્તકોનો સંપુટ હમણાં જ વિમોચિત થયેલો તે પૂજ્ય મોરારીબાપુ અને પૂજ્ય સીતારામ બાપુને અર્પિત કરાયો હતો .

પ્રારંભે ડો. જે.પી. મૈયાણીએ સ્વાગત કર્યું હતું. ત્રણેય દિવસનું ઉદ્ઘોષણાનું કાર્ય નરેશ જાનીએ કર્યું હતું. આજે ડો. કનુભાઈ કળસરીયા, મહેન્દ્રભાઈ બારૈયાએ ઉપસ્થિત રહી શિબિર માણી હતી. શિવકુંજ પરિવારના સૌ સભ્યોએ સંયોજક એડવોકેટ શરદભાઈ ભટ્ટ સાથે શિબિરની સફળતા માટે સેવાની સુવાસ અર્પી હતી.

## માલણકા ખોડીયાર માતાનો ૫૮મો પાટોત્સવ ભક્તિભાવ સાથે ઉજવાયો



ભાવનગર,તા.૩

ભાવનગર પાસેના માલણકા ગામ ખાતે આવેલ ખોડીયાર માતાના મંદિરે ૫૮ મો પાટોત્સવ ભક્તિભાવ સાથે પૂર્ણ થયો. દવે, પટેલ, ભટ્ટ અને જસપરા શાહ પરિવારના કુળદેવી ખોડિયાર માતાના મંદિરે સવારથી યજ્ઞની શરૂઆત થઈ હતી અને વિશાળ ભક્ત સમુદાયોની હાજરીમાં બપોરના હવનનું બીડું હોમવામાં માં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત અને ગુજરાત બહારથી અનેક ભક્તો દર્શનાર્થે આવ્યા હતા.

મહા મહિનાની નવરાત્રી દરમિયાન દરરોજ માતાજીને પારે ચંડીપાઠના પાઠ કરવામાં આવે છે અને પુનમના દિવસે નવચંડી યજ્ઞનું આયોજન હોય છે.

યજ્ઞના અંતે મહાપ્રસાદ નું આયોજન કરવામાં આવ્યું હતું તેમાં અનેક ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના ટ્રસ્ટીઓએ જહેમત ઉઠાવી હતી અને ભક્તજનોએ તન મન અને ધનથી સહકાર આપ્યો હતો.

# સ્મોલ વન્ડર્સ દ્વારા વિદ્યાર્થીઓ માટે યોજાયો વન-ડે પિકનિક

**બાળકો અને માતાઓએ વિવિધ એક્ટિવિટી સાથે ગેમ્સ રમી આનંદ માણ્યો**







ભાવનગર,તા.૩

ભાવનગર ખાતે આવેલ સ્મોલ વન્ડર્સ વિધાનગર દ્વારા તારીખ. ૩૧/૦૧/૨૦૨૬ના રોજ પિકનિક નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૪૦ થી વધારે બાળકોએ તેમની માતા સાથે ભાગ લીધો હતો.

જેમાં બાળકોએ વિવિધ પ્રકારની ગેમ્સ ડાન્સ અને અલગ અલગ પ્રકારની એક્ટિવિટી, મેજિક શો, પપેટ શો, ઈન્ડોર - આઉટડોર ગેમ્સ રમી બાળકોને ખુબ આનંદ આવ્યો હતો અને બાળકોની સાથે તેમની મધર્સ એ પણ અલગ અ લગ એક્ટિવિટી કરી સાથે બોક્સ ક્રિકેટનો પણ આનંદ માણ્યો હતો.

### લોકભારતી અધ્યાપન મંદિરના તાલીમાર્થીઓ દ્વારા

# પચ્ચીસ અંતરિયાળ શાળાઓ તેમજ ગીરના નેસડામાં યોજાયો શિક્ષણ યજ્ઞ

ભાવમાગર,તા.૩

કેળવણીની અખંડ જ્યોત છેવાડાના બાળક સુધી લઈ જવી એવા નાનાભાઈ ભટ્ટ સ્થાપિત લોકભારતીના મનોરથને યથાર્થ કરવા લોકભારતી અધ્યાપન મંદિર સણોસરાના ૨૨૧ તાલીમાર્થીઓએ તાઃ ૧૬ થી તાઃ ૩૦ દરમિયાન વાચન ગણન અને લેખન એમ ત્રણ પાયાના કૌશલ્યોને કેન્દ્રમાં રાખીને સ્વ, સમાજ અને પ્રકૃતિ સાથે અનુબંધ સાધીને કેળવણીના આ યજ્ઞમાં તાલીમ-આહુતિ આપી.

પ્રકૃતિના ખોળે વિહરતા, જંગલમાં મંગલ એ ઉક્તિને સાર્થક કરતા ટીંબરવા, ચીખલકુબા, ખજુરી નેસ,જસાધાર, ઘોડાવડી, ભાણિયા, મોટા મીંઢા જેવા સાક્ષાત ગાંડી ગીરના નેસડામાં નિવાસ કરીને એના બાળકો સાથે આનંદધારા પ્રકલ્પ અન્વયે પ્રશિક્ષણ કાર્ય કર્યું. ક્યાંક પ્રકૃતિના અવલંબને રહેતા માણસની સાદાઈ, નિર્દોષતા અને ઊર્મિશીલ ભાવુકતાના સ્પંદનો ઝીલતા ઝીલતા જીવનનું ભાથું બાંધ્યું.એવી જ રીતે ક્યાંક દરિયાકાંઠે ચાંચબંદરને અડીને આવેલી ભોરાવડની શાળામાં અગરિયાના બાળકો સાથે દરિયાની લહેર જેમ સહ અભ્યાસક પ્રવૃતિઓની મોજ માણી.



ભાવનગર,બોટાદ,અમરેલી,જૂનાગઢ, રાજકોટ અને ગીર સોમનાથ જિલ્લાની ૨૫ શાળાઓને આવરી લેતા આ ઈન્ટર્નશિપ કાર્યક્રમમાં પ્રથમ અને બીજા વર્ષના તાલીમાર્થીઓ સંયુક્ત ટુકડીમાં વિભાજિત થઈને ખજાનાની શોધ,આનંદ બજાર ,રમતોત્સવ,સાંસ્કૃતિક કાર્યક્રમ,બાળમેળાઓ જેવી સહઅભ્યાસક પ્રવૃતિઓ સાથે લોકભારતી અધ્યાપન મંદિર દ્વારા સોંપાયેલી શૈક્ષિણક કામગીરી સંપન્ન કરી.આ સમગ્ર આયોજનમાં લોકભારતી અધ્યાપન મંદિરના આચાર્યશ્રી અને અધ્યાપકોએ મુલાકાત સંદર્ભે ઉપસ્થિત રહી બધા જ કેન્દ્રમાં તાલીમાર્થીઓનો ઉત્સાહ બેવડાયો. સમગ્ર કાર્યક્રમ આચાર્ય જગદીશગિરિ ગોસાઈના માર્ગદર્શન હેઠળ યોજાયો હતો.

# કેન્સર અવેરનેસ વોકેથોનમાં ૫૦૦થી વધુ સ્કાઉટ ગાઈડ જોડાયા

**કેન્સર ફક્ત દર્દીને જ નહીં દર્દીના પરિવારને, મિત્રોને, સગા સંબંધીઓને દરેક લોકોને અસર કરે છે**

ભાવનગર,તા.૩,

વર્લ્ડ કેન્સર ડે ના અનુસંધાને કેન્સર જનજાગૃતિ માટે તારીખ ૦૧ ફેબ્રુઆરી ને રવિવારના રોજ સવારે સાત કલાકે સ્પર્શ કેન્સર કેર અને એચસીજી હોસ્પિટલ દ્વારા વોકેથોનું આયોજન કરવામાં આવેલ આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ કેન્સર રોગ ને અટકાવવા જનજાગૃતિ ફેલાવવાનો તેમજ કેન્સર રોગમાં પીડાતા દર્દીઓ પ્રત્યે સહાનુભૂતિ દાખવી તે રોગમાંથી તેઓને કેવી રીતે બહાર લાવવા તે મુખ્ય હતો. કેન્સર ફક્ત દર્દીને જ નહી દર્દીના પરિવારને, મિત્રોને, સગા સંબંધીઓને દરેક લોકોને અસર કરે છે સારી વાત એ છે કે કેન્સરમાંથી સંપૂર્ણ સ્વસ્થ થવું અને પરિપૂર્ણ જીવન જીવવું શક્ય છે કેન્સર સામે લડવા અને દર્દી દેવો ભવ ના મંત્ર સાથે સ્પર્શ કેન્સર કેર ભાવનગર દ્વારા જનજાગૃતિ વોકેથોન નું આયોજન થયેલ અને આ વખતે વોકેથોનમાં વધુમાં વધુ યુવાનો અને વિદ્યાર્થીઓને




જોડવામાં આવ્યા હતા. ભાવનગર શહેરની વિદ્યાધીશ વિદ્યા સંકુલ, સ્વામિનારાયણ ગુરુકુળ પ્રાથમિક શાળા, ગિજુભાઈ કુમાર મંદિર, બી એન વિરાણી હાઈસ્કુલ, દક્ષિણામૂર્તિ કુમાર મંદિર, નંદકુવરબા ક્ષત્રિય કન્યા વિદ્યાલય, ત્રિભુવનદાસ ભાણજી જૈન કન્યા શાળા પ્રાથમિક વિભાગ, જલારામ બાપા પ્રાથમિક શાળા નંબર ૧૪, દિન દયાલ ઉપાધ્યાય પ્રાથમિક શાળા નંબર ૬૯, મહાત્મા ગાંધી પ્રાથમિક શાળા નંબર ૬૩, પીએમ ગૌરીશંકર પ્રા. શાળા નંબર ૬૫, વિવેકાનંદ રોવર ક્રુ, રાણી લક્ષ્મીબાઈ રેંજર ટીમના ૫૦૦થી વધારે સ્કાઉટ ગાઈડ - રોવર રેન્જર વોકેથન કાર્યક્રમમાં જિલ્લા મંત્રી અજયભાઈ ભટ્ટના માર્ગદર્શનમાં જોડાયા હતા અને કેન્સર અંગે જનજાગૃતિ ફેલાવવામાં સહયોગ આપ્યો હતો સમગ્ર સમગ્ર કાર્યક્રમ ડોક્ટર જોતિકાબેન જોશીના માર્ગદર્શનમાં સ્પર્શ કેન્સર કેર દ્વારા યોજવામાં આવ્યો હતો વોકેથોનમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ શિક્ષકો અને જાહેર જનતાને આયોજકો દ્વારા પ્રમાણપત્ર મેડલ આપવામાં આવ્યા હતા.

## ઉમરાળા ગામે તંત્ર દ્વારા ગેરકાયદે દબાણ ઉપર ફેરવાયું બુલડોઝર



તસવીર : વિપુલ લુહાર

બોટાદ,તા.૩

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકાના ઉમરાળા ગામે તંત્ર દ્વારા ગેરકાયદેસર દબાણ દૂર કરવામાં આવ્યું છે આગામી દિવસોમાં ઉમરાળા ગામે નવી આંગણવાડી કેન્દ્ર બનાવવાની હોય તે સરકારી જગ્યા ઉપર ગેરકાયદેસર દબાણ કરવામાં આવ્યું હોય તેને લઈને તંત્ર દ્વારા આ દબાણ દૂર કરવામાં આવ્યું છે રાણપુર મામલતદાર કે.બી. ગોહિલ તેમજ નાયબ મામલતદાર અને મામલતદારની ટીમ તેમજ પોલીસના ચુસ્ત બંદોબસ્ત સાથે ગેરકાયદેસર દબાણ ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું છે અને સરકારી જગ્યા ખાલી કરવામાં આવી છે તે જગ્યા પર આગામી દિવસોમાં નવી આંગણવાડી બનાવવામાં આવશે.

સૌરાષ્ટ્ર આસપાસ Owner : Leela News Network Private Limited, Printer & Publisher Shri Komalkant Fakirchand Sharma On behalf of Leela News Network Private Limited Printed At : Old Bunder Road, Bhavnagar Published at : T/6, Third Floor Business Centre Ghogha Gate Bhavnagar Editor : Rajesh Kiritbhai Dave * (Responsible for News Editing as per PRB Act)

સૌરાષ્ટ્ર આસપાસ

## એ આઈ કરતા ભારતીય શિક્ષણ પ્રણાલી સર્વોત્તમ

આજના એઆઈ અને ડિજિટલ યુગમાં, જ્યાં ટેક્નોલોજી આધારિત શિક્ષણ ઝડપથી ફેલાઈ રહ્યું છે, ત્યા પરંપરાગત ભારતીય શિક્ષણ પદ્ધતિ વિશ્વકક્ષાએ પ્રશંસા પાત્ર બની છે માત્ર મોબાઇલ અને સ્ક્રીન આધારિત શિક્ષણમાં બાળકો ધીમે ધીમે ટેક્નોલોજીના ગુલામ બની જાય છે અને અનેક દૂષણો તેમના કુમળા માનસમાં પ્રવેશ કરે છે. હજારો વર્ષ પહેલાની તપોવન સંસ્કૃતિના ભાગરૂપ શિક્ષણ પદ્ધતિ ધીમે ધીમે નવો અવતાર લઈ રહી છે

ભાવનગરની ધરતી પર જન્મેલા ગીજુભાઈ બધેકા, હરભાઈ ત્રિવેદી અને શિશુવિહારના સ્થાપક માનભાઈ ભટ્ટ જેવા એકથી એક ચડિયાતા કેળવણીકારોએ વર્ષો પહેલાં જ આ સત્ય પર ભાર મૂક્યો હતો કે બાળકને ભણાવવું હોય તો તેને સહજ ભાવથી, આનંદ સાથે શીખવવું જોઈએ. ભણતર બાળક પર લાદવાનું નહીં, પરંતુ તેની અંદરથી વિકસવા દેવાનું હોયલઆ વિચારધારાને તેમણે જીવનભર સાબિત કરી બતાવી.આ કેળવણીકારોની વિચારસરણી માત્ર પુસ્તકોમાં સીમિત રહી નથી. આજે પણ શિશુવિહારમાં એ જ વિચારધારા સાથે શૈક્ષણિક પ્રવૃત્તિઓ અવિરત ચાલી રહી છે, જે આપણાં માટે ગૌરવની વાત છે. રમતો, સંવાદ, અનુભવ અને જીવનલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા બાળકના સર્વાંગી વિકાસ પર ભાર મૂકાતો રહ્યો છે, જેને ખરેખર અસરકારક શિક્ષણ કહી શકાય.ભાવનગર મા સ્મોલ વંડર દ્વારા શેરી રમતોને પ્રોત્સાહન આપવા સ્ટ્રીટ જલસો નામનો જબરો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો તેમાં એક સાથે હજારો બાળકો યુવાનો અને વાલીઓએ ભાગ લીધો હતો આ એક નવો પ્રારંભ છે એક નવો કોન્સેપ્ટ છે જે સૌ કોઈ અપનાવે તો શિક્ષણ જગતમાં ક્રાંતિ થઈ શકે.એની સાથે ગીજુભાઈની વિચારધારાથી પ્રેરિત જીવનલક્ષી શિક્ષણ બાળકને વિચારશીલ, સંવેદનશીલ અને સ્વતંત્ર બનાવે છે. આજના સમયમાં આ પદ્ધતિ સો ટકા સફળ પુરવાર થઈ છેલકારણ કે તે બાળકને ફક્ત ભણાવતી નથી, પરંતુ જીવન જીવવાનું પણ શીખવાડે છે.વર્લ્ડ બેન્કે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે દુનિયાની સર્વોત્તમ અને ખર્ચ અસરકારક શિક્ષણ પદ્ધતિ આજે ભારતમાં વિકસી છે અને આખી દુનિયા તેમાંથી શીખી શકે છે. આ કોઈ ભાવનાત્મક દાવો નથી, પરંતુ સંશોધન, આંકડા અને આંતરરાષ્ટ્રીય મૂલ્યાંકન પરથી નીકળેલો નિષ્કર્ષ છે. ભારતનું 'બાલસખી મોડેલ' એ સાબિત કરી રહ્યું છે કે શિક્ષણમાં ગુણવત્તા લાવવા માટે અઢળક ખર્ચ જરૂરી નથી, પરંતુ યોગ્ય અભિગમ, સ્થાનિક જોડાણ અને બાળકકેન્દ્રિત વિચારધારા જરૂરી છે.ભારતમાં પ્રાથમિક શિક્ષણની સૌથી મોટી સમસ્યા એ હતી કે ઘણા બાળકો શાળામાં તો આવતા હતા, પરંતુ વાચન, લેખન અને ગણિતની મૂળભૂત સમજમાં પાછળ રહી જતા હતા. આ ખામી દૂર કરવા માટે 'ટીચિંગ એટ ધ રાઇટ લેવલ' એટલે કે ્છઇન પદ્ધતિ વિકસાવવામાં આવી. આ પદ્ધતિમાં બાળકને તેની ઉંમર મુજબ નહીં, પરંતુ તેની ક્ષમતા મુજબ ભણાવવામાં આવે છે. 'બાલસખી મોડેલ' આ વિચારધારાનું સૌથી સફળ સ્વરૂપ બન્યું છે.બાલસખી એટલે સ્થાનિક સ્તરે પસંદ કરેલી અને પ્રશિક્ષિત યુવતીઓ, જે રોજના બે કલાક પાછળ રહી ગયેલા બાળકો સાથે કામ કરે છે. ભણતર રમતો, વાતચીત, વાર્તાઓ અને સરળ કસરતો દ્વારા આપવામાં આવે છે. પરિણામે બાળકો પર શાળાનો ભાર નહીં પડે અને તેઓ ભણતર સાથે સહજ રીતે જોડાઈ જાય છે. આ મોડેલમાં શિક્ષણ ભય નહીં, પરંતુ આનંદ બની જાય છે.વર્લ્ડ બેન્કના બે વર્ષના અભ્યાસ મુજબ પ્રથમ વર્ષે ૦.૧૪ અને બીજા વર્ષે ૦.૨૮ પ્રમાણભૂત વિચલનોનો સુધારો નોંધાયો છે, જે શિક્ષણ સંશોધનમાં ખૂબ જ મજબૂત અસર માનવામાં આવે છે. સૌથી નોંધપાત્ર બાબત એ છે કે પ્રતિ બાળક વાર્ષિક ખર્ચ માત્ર ૪.૫ ડોલર, એટલે કે આશરે ૩૭૫ રૂપિયા જેટલો જ છે. જ્યાં વૈશ્વિક સરેરાશ શિક્ષણ ખર્ચ ૪,૦૦૦ રૂપિયા જેટલો છે, ત્યાં ભારતનું આ મોડેલ બહુ ઓછા ખર્ચે અસરકારક પરિણામ આપે છે.

# દીકરીના આટલાં ભણતરનો શો અર્થ...

**સારું ભણેલી દીકરીને સંજોગો વશાત્ ગામડાના ખેડૂતપુત્ર સાથે લગ્નથી જોડાયા પછી એક સુશીલ,સમજું અને કહ્યાગરી વહું બનવાની સાથે જે પરિસ્થિતિમાં જીવન ગુજારો કરવો પડે તે કેટલું અઘરું હોય છે ?**

અલપ ઝલપ -ડો. મનહર ઠાકર

રાકેશને ચૂપ રહેવા સિવાય કોઈ બીજો માર્ગ હતો નહી. મમ્મીનું મોંઢું તોડી લેવાનું મન થતું પણ એ કશું કરી શકતો નહી અને મનમાં ને મનમાં મૂંઝાયા કરતો. જો કે એને ઊંડે ઊંડે થતું કે, વેવિશાળ નક્કી કરી દીધાં પછી રીટાએ ક્યાંય બહાર પગ મૂક્યો નથી. એ પહેલાં કેટકેટલું ફરી હશે પોતે ? યુથ હોસ્ટેલના છેલ્લા પ્રવાસમાં તો અમે સાવ અજાણ્યા પણ સાથે છેક કૂલુ મનાલી ગયેલાં. ત્યાંના હિમગિરિ શિખરો તો આજે પણ રાત્રે સ્વપ્નમાં પજવે છે. શ્વેત ચાદર બિછાવીને ફરી પાછાં ત્યાં બોલાવે છે. એ બરફમઢ્યા પર્વતોની યાદ તો કદાપિ વિસરાય તેમ નથી. સૌને ખૂબ મજા આવતી હતી. ઘણી વાર મજાકમાં રીટાની ફ્રેન્ડ કહેતીય ખરી, ' આટલે દૂર ફરવા નીકળી છો તે પરણ્યા પછી એવું ઘર અને વર નહી મળે તો બિચારી દૂબળી થઈ જશે. '



' એટલા માટે તો અત્યારે ફરવા આવું છું, કે જેથી કરીને ભવિષ્યમાં આ બાબતનો કોઈ વસવસો ન રહી જાય. ' રીટા તરતજ આવો પ્રત્યુત્તર આપી દેતી.

એ દૂબળી તો નહોતી થઈ ગઈ. ગામડામાં રહેવાનોય એને અફસોસ નહોતો.પણ મોડી રાતે થાકી-પાકી એ ખાટલે આડી પડતી ત્યારે એને વસવસો ચોક્કસ થતો હતો. આટલા ભણતરનો શો અર્થ ?

વૈચારિક દલીલ કરવાથી હવે કોઈ પરિણામ આવવાનું નથી એવું પોતે જાણતી હતી. વહેલી સવારે તે રાકેશ જોડે વાડીએ ઉપડી ગઈ. એણે ખેતીના ક્યારામાં નીદામણ શરૂ કર્યું. એમ કરવા જતાં એક કાંટો અંગુઠા પર લાગ્યો. એના મોઢામાંથી હળવી ચીસ સરી પડી. સારું થયું રાકેશનું વળી એ તરફ ધ્યાન નહોતું ગયું. નહી તો વળી એની રામાયણ પાછી ચાલુ થઈ જાત. રીટા અંગુઠો મોંઢામાં મૂકી ચૂસવા લાગી. વાડીનું છીંડું પૂરાઈ ગયું ત્યાં સુધી રાકેશ વાડ પર આમતેમ બાવળનાં ડાળખાં ગોઠવતો રહ્યો.

બપોર થયું રીટાને માથે ખડનો ભારો ચડાવી રાકેશ તેની પાછળ ચાલવા લાગ્યો. રીટાના આડાઅવળા પડતા પગ રેતીમાં ખૂંપી જતા હતા. શરીર બરાબરનું થાકયું હતું. અને ઓછામાં પૂરો બે મણનો ભારો. ચાલતાં ચાલતાં એને અચાનક સાંભરી આવ્યું.. હવે ચોમાસું આવશે. ગામને પાદર લીલોતરી ઊગી નીકળશે. ઢોરઢાંખર માટે ચરવાનું થાશે એટલે આ વાડીએથી ખડનો ભારો લાવવાની ઝંઝટમાંથી છૂટકારો..!

ચોમાસું બેસી ગયું. વાવણીનો વખત છે ને મજૂરેય મળતાં નથી. સાસુએ નિર્ણય જાહેર કર્યો, ' મજૂરની ક્યાં જરૂર છે, રાકેશ અને રીટા, હું અને એના પપ્પા, ચાર જણાં થઈને વાવણીને પહોંચી વળીએ. '

તેણે રાકેશ કે રીટાને પૂછવાની તસ્દી પણ લીધી નહોતી. બસ, સીધો પોતાનો ફેંસલો સંભળાવી દીધો હતો. દરેક વખતે આમ જ બનતું આવ્યું છે. બીજી કોઈ બાબતની માથાકૂટ નહી પણ ક્યાંય અભિપ્રાય લેવાની કે ચર્ચા કરવાની વાત જ નહી. સૌને શું ગમે છે અને શું નહી તેની દરકાર સુદ્ધાં નહી કરવાની. બસ, બધાં અભણ માણસોની જેમ પોતે નિર્ણય જાતે જ લઈ લેવાનો. પછી એ નિર્ણયમાં રીટાએ તો મૂક સંમતિ જ દર્શાવવાની.

ચારેય જણા વહેલી સવારે વાડીએ પહોંચે. રીટાને ખેતીનું કામ આકરું પડતું. થોડો થાક ખાઈ લેવાની ઈચ્છા થઈ આવતી. પણ એનાથી કામમાં ખાસ્સા આગળ નીકળી ગયેલા ત્રણેયને જોઈને એ વિચાર માંડી વાળતી. સાંજે ઘેર પહોંચતાં-પહોંચતાં તો એ થાકીને લોથ થઈ જતી.આખું શરીર પરસેવે રેબઝેબ થઈ જતું. એક સાંજે વાડીએથી તેના માથે ચડાવેલો ખડનો ભારો આંગણામાં નાખીને તે ઓસરીની કોર પર બેસી પડી. આંગણામાં અંધારું ઊતરી આવ્યું હતું. હજી તો તેણે રાંધવાનું પણ હતું. ફળિયે રાખેલી ડોલમાંથી પાણી લઈ ઝટપટ હાથ-પગ ધોયા. પછી રસોડામાં પ્રવેશી. હજી તો કથરોટમાં લોટ કાઢે ત્યાં તો સાસુ રસોડામાં પહોંચ્યા.રીટાએ માથે ધસી આવેલા વાળ સરખા કરી રોટલાનો લોટ મસળવા માંડ્યો. સાસુની મારકણી આંખો એ લોટના પિંડા પર એવી મંડાણી કે જાણે તેમાંથી તિખારા ઝરતાં હોય ! પણ તિખારા તો તેની જીભેથી વછૂટયા....

' શું ધૂળ અને ઢેફાં મસળવા બેઠી ? '

' કેમ આમ બોલો છે, મમ્મી ? '

' મારો રાંધવાનો અનુભવ બોલે છે, હું નહી. '

' એટલે મારે રાંધવામાં કાંઈ ફેરફાર કરવાનો છે ? '

' એ, હા...! આ ઝંડા ઝુલણ માથાના વાળ સરખા કરતાં જવું ને રાંધતા જવું એ તે કેવું ? કથરોટમાં વાળ પડે એનું ભાન છે ? '

' સોરી મમ્મી. '

' મને એવું અંગ્રેજી ના આવડે હો ! કામમાં સુધારો કરો. ભણતરમાં કાંઈ ભલીવાર નથી થ્યો તે આ મારે તીખાં લેવા પડે છે.'રીટાએ સાસુનું આ બેહૂદુ વર્તન ખમી ખાધું. તોય જીવ ઉચાટ અનુભવે છે. એમને રાત-દિવસ અનુભવાતાં આવાં બેહૂદા વર્તનો ઘણી વખત અકળાવી દે છે. તેની જોડે બેસી-સુખ-દુઃખની વાત કરવાનો રાકેશને પણ ટાઈમ નથી મળતો કે તે મમ્મીના કર્કશ સ્વભાવથી ડરે છે !!!આવું થાય ત્યારે રાકેશ તો નમાલો થઈને બાપ સામે લમણે હાથ દઈને બેસી જતો. એને મનમાં થતું કે પપ્પા કાંઈક કહેશે. તેની ધીરજની કસોટી પછી પપ્પા એટલું જ બોલતાં, ' ટાઢ વાય સૌને, ન વાય વહુંને ; તાવ આવે સૌને, ન આવે વહુંને... '

# જગપ્રસિદ્ધ મંદિરની તરફ જહાજ કેમ ખેંચાઈ આવતા હતા?

વિશેષ

ભારતના પૂર્વ કિનારે આવેલા ઓડિશા રાજ્યને કયો ભારતવાસી નહીં જાણતો હોય? ઓડિશા જેટલું ભગવાન જગન્નાથ માટે જાણીતું છે, તેટલું જ પુરી જિલ્લામાં આવેલા કોણાર્ક અને ત્યાંના સૂર્યમંદિર માટે જાણીતું છે. આ સૂર્ય મંદિર એ ૧૩મી સદી (૧૨૫૦ સીઈ) નું મંદિર છે જે પૂર્વના ગંગ વંશના રાજા નરસિંહ દેવ પ્રથમ દ્વારા સ્થાપિત મનાય છે.પુરાણો અનુસાર, શ્રીકૃષ્ણના પુત્ર સાંબને તેમના શ્રાપને કારણે કુષ્ઠ રોગ થયો હતો. સાંબે કોણાર્કના મિત્રવનમાં ચંદ્રભાગા નદીના સંગમ પર બાર વર્ષ સુધી તપસ્યા કરી અને સૂર્યદેવને પ્રસન્ન કર્યા. બધા રોગોના નાશ કરનાર સૂર્ય દેવે તેમની બીમારી પણ મટાડી દીધી. તે મુજબ, સાંબે સૂર્યદેવનું મંદિર બનાવવાનું નક્કી કર્યું.

રોગમાંથી સ્વસ્થ થયા પછી, ચંદ્રભાગા નદીમાં સ્નાન કરતી વખતે, તેમને સૂર્ય ભગવાનની મૂર્તિ મળી. આ મૂર્તિ સૂર્યદેવના શરીરના એક ભાગમાંથી દિવ્ય શિલ્પી શ્રી વિશ્વકર્માએ કોતરેલી હતી. સાંબે આ મૂર્તિને મિત્રવનમાં તેમણે બનાવેલા મંદિરમાં સ્થાપિત કરી હતી, અને ત્યારથી, આ સ્થળને પવિત્ર માનવામાં આવે છે.

કોણાર્કના સૂર્યમંદિરની રચના વિશે તો વધુ શું વાત કરવી? તેના વિશે તો બધા જાણે જ છે. પણ આપણે તેની ચમત્કૃતિ વિશે જરૂર વાત કરીશું. કોણાર્ક શબ્દ કોણ અને અર્ક શબ્દો પરથી આવ્યો છે. અર્કનો અર્થ સૂર્ય થાય છે, જ્યારે કોણનો અર્થ ખૂણો અથવા કિનાર હોઈ શકે છે. એવું કહેવાય છે કે કોણાર્ક સૂર્ય મંદિર મૂળરૂપે દરિયા કિનારે બનાવવાનું હતું, પરંતુ દરિયો ધીમે ધીમે ઓછો થતો ગયો અને તેથી મંદિર કિનારાથી થોડું દૂર થઈ ગયું. મંદિરના ઘેરા રંગને કારણે તેને કાળો પેગોડા કહેવામાં આવ્યું.સૂર્ય મંદિર સૂર્યદેવ દ્વારા સંચાલિત સમયના પ્રવાહનું પણ પ્રતિનિધિત્વ કરે છે. રથ આકારના મંદિરમાં પૂર્વ દિશામાં જોડાયેલા સાત ઘોડા, અઠવાડિયાના સાત દિવસોનું પ્રતીક છે. ૧૨ જોડી પૈડા દિવસના ૨૪ કલાકનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે તેમની સાથે જોડાયેલા ૮ આરા દિવસના આઠ પ્રહરનું પ્રતીક છે. કેટલાક લોકો માને છે કે ૧૨ જોડી પૈડા વર્ષના બાર મહિનાનું પ્રતિનિધિત્વ કરે છે. એક માન્યતા એવી પણ છે કે સાત અશ્વો એ સૂર્યના કિરણમાં રહેલા મેઘધનુષના ૭ રંગોનું પણ પ્રતિનિધિત્વ કરે છે.આ મંદિરમાં ભગવાન સૂર્યની ત્રણ મૂર્તિઓ હતી, બાલ્યાવસ્થા એટલે ઉગતા સૂર્ય, જેની ઊંચાઈ ૮ ફૂટ. યુવાની, જેને મધ્યાહન સૂર્ય તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૯.૫ ફૂટ ઊંચી, જ્યારે ત્રીજો તબક્કો પુખ્તાવસ્થા છે, જેને અસ્ત થતા સૂર્ય તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૩.૫ ફૂટ ઊંચી છે.





આ મંદિરની ચમત્કૃતિ એવી છે કે આ મંદિરના શિખરના આધારે સમુદ્રમાં નાવિકો દિશા નક્કી કરતા હતા. પણ આ વિશિષ્ટતા જ નાવિકો માટે જોખમી બની ગઈ. કારણકે એવું કહેવાય છે કે, આ મંદિરના શિખરમાં ૫૨ ટન વજનનો વિશાળકાય ચુંબકીય પથ્થર વપરાયો હતો.જોકે, મંદિરના શક્તિશાળી ચુંબકીય ક્ષેત્રે સમસ્યાઓ ઊભી કરવાનું શરૂ કર્યું. ચુંબકીય ક્ષેત્ર એટલું મજબૂત હતું કે જહાજો મંદિર તરફ ખેંચાતા હતા. આ પથ્થરના કારણે નાવિકોનું હોકાયંત્ર ખરોવાઈ પણ જતું હતું અને અનેક જહાજો કિનારા નજીક છીછરા પાણી તરફ આવી જતા અને પથ્થરો સાથે ટકરાઈને તૂટી પડતા હતા.બીજું એ પણ કહેવાય છે કે આ ચુંબકીય પથ્થર સાથે મંદિરમાં અનેક નાના ચુંબકીય પથ્થરો પણ વપરાયા હતા, જે મંદિરના સ્થાપત્યને એકબીજા સાથે જોડી રાખતા હતા. આ ચુંબકીય રચનાના કારણે કહેવાય છે કે, મંદિરની મુખ્ય મૂર્તિ હવામાં તરતી હતી. જોકે આ વાતના પ્રમાણ આજે મળતા નથી.

ચુંબકીય પથ્થરના કારણે જહાજોને થતા નુકસાનને ધ્યાનમાં રાખીને તેને હટાવી લેવામાં આવ્યો (મહદંશે મુસ્લિમ આક્રમણખોરો દ્વારા) તેવી માન્યતા છે પરિણામે મંદિરના સ્થાપત્યને ભારે અસર થઈ અને કાળક્રમે પથ્થરો ખરવા લાગ્યા અને મંદિર તૂટવા લાગ્યું.

આક્રમણખોરોથી બચાવવા આ મંદિરની મૂર્તિને પૂજારીઓએ હટાવી દીધી હતી અને માટીમાં દાટીને છુપાવી દીધી હતી. પછીના કોઈક સમયે તેને બહાર કાઢવામાં આવી હતી એવું કહેવાય છે.

જોકે, આ બાબતે મતાંતરો છે. કેટલાક ઈતિહાસકારોનું કહેવું છે કે આજે પુરીના જગન્નાથ મંદિરના પરિસરમાં જે મૂર્તિ છે તે મૂળ મૂર્તિ છે, તો કેટલાકનું કહેવું છે કે દિલ્હીના રાષ્ટ્રીય સંગ્રહાલયમાં રાખવામાં આવેલી મૂર્તિ મૂળ છે. કેટલાક તો એવું પણ કહે છે કે મૂળ મૂર્તિ દાટી દીધા પછી ફરીથી શોધાઈ નથી. ૧૯૮૪માં યુનેસ્કો દ્વારા તેને વિશ્વ ધરોહર સ્થળ જાહેર કરવામાં આવ્યું હતું.

# મધરાતની ડિજિટલ માયાજાળને સમજવી આવશ્યક

આસપાસ ચોપાસ - સુરેશ ભટ્ટ

મધરાતે જ્યારે આખું ઘર ઊંઘમાં હોય છે અને બહારની દુનિયા શાંત થઈ જાય છે, ત્યારે મોબાઈલની સ્ક્રીન પર એક અલગ જ રમત શરૂ થાય છે. અડધી

**થાકેલું મગજ, ઘટતી તર્કશક્તિ અને તરત આનંદ મેળવવાની ઈચ્છા – આ ત્રણે મળીને મધરાતે ખરીદી માટે પરફેક્ટ માહોલ બનાવે છે.**

ઊંઘમાં સ્ક્રોલ કરતા આપણે એવું માની લઈએ છીએ કે આપણે ફક્ત સમય પસાર કરી રહ્યા છીએ, પરંતુ વાસ્તવમાં ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ આપણને નાજુક માનસિક સ્થિતિમાં ઝડપી લે છે. થાકેલું મગજ, ઘટતી તર્કશક્તિ અને તરત આનંદ મેળવવાની ઈચ્છા – આ ત્રણે મળીને મધરાતે ખરીદી માટે પરફેક્ટ માહોલ બનાવે છે. "માત્ર હવે", "મિડનાઈટ ડીલ", "છેલ્લા થોડા મિનિટ" જેવા શબ્દો મનમાં તાકીદ ઊભી કરે છે અને લાગે છે કે જો હવે ક્લિક નહીં કરીએ તો મોટું નુકસાન થઈ જશે. એ ક્ષણે જરૂરિયાત અને લાલચ વચ્ચેની રેખા મટી જાય છે. કાર્ટમાં વસ્તુ ઉમેરવી સહેલી લાગે છે, પરંતુ તેના પરિણામો વિશે વિચારવાનું મન તૈયાર નથી. જ્યારે વહેલી સવારે ઊંઘ પૂરી થાય છે, ત્યારે તર્ક પાછું આવે છે અને સ્ક્રીન પર દેખાતી ઓર્ડર હિસ્ટ્રી એક કડવી હકીકત બનીને સામે આવે છે. ત્યારે સમજાય છે કે આ સસ્તી ખરીદી નહોતી, પરંતુ મધરાતની માયાજાળમાં ફસાઈને કરેલું એક ભાવનાત્મક ખર્ચ હતું, જેનો ભાવ હવે પસ્તાવામાં ચૂકવવો પડે છે.રાત્રે દુનિયા ધીમે ધીમે શાંત થઈ જાય છે. રસ્તાઓ ખાલી થવા લાગે છે, અવાજો ઓસરવા લાગે છે અને શરીર ઊંઘ તરફ સરકતું જાય છે. પરંતુ એ જ સમયે મોબાઈલની સ્ક્રીન પર એક અલગ જ દુનિયા જાગતી હોય છે. અડધી ઊંઘમાં, થાકેલા મગજ સાથે આપણે સોશિયલ મીડિયા કે શોપિંગ એપ્સ સ્ક્રોલ કરતા હોઈએ છીએ. ત્યારે આપણને લાગે છે કે આપણે ફક્ત સમય પસાર કરી રહ્યા છીએ, પરંતુ હકીકતમાં ત્યાંથી એક એવી પ્રક્રિયા શરૂ થાય છે, જે સવારે ઉઠ્યા પછી પસ્તાવામાં ફેરવાય છે. આ સ્થિતિને આજે મનોવૈજ્ઞાનિકો "ડાર્ક શોપિંગ કાર્ટ સિન્ડ્રોમ" તરીકે ઓળખાવે છે.મોડી રાત્રે ખરીદી કરવાનો અનુભવ ઘણાને ઓળખીતો હશે. "માત્ર આજે", "મિડનાઈટ ડીલ", "છેલ્લા થોડા મિનિટ", "માત્ર એક જ પીસ બાકી" જેવા શબ્દો આંખ સામે ઝળહળતા રહે છે. એ ક્ષણે આપણું મગજ એવું માને છે કે આ એક સોનાની તક છે, જો હવે નહીં લીધું તો મોટું નુકસાન થઈ જશે. આ ભાવના એટલી તીવ્ર હોય છે કે જરૂરિયાત અને લાલચ વચ્ચેનો ભેદ જ મટી જાય છે. જે વસ્તુની આપણે આખો દિવસ જરૂર નથી લાગતી, તે જ વસ્તુ રાત્રે એક વાગ્યે અતિઆવશ્યક લાગે છે.આનું મુખ્ય કારણ માનવ મગજની કાર્યપદ્ધતિ છે. દિવસ દરમિયાન આપણો પ્રી-ફ્રન્ટલ કોર્ટેક્સ સક્રિય હોય છે. આ મગજનો એ ભાગ છે જે વિચાર, આયોજન, નિયંત્રણ અને યોગ્ય-અયોગ્યનો ભેદ કરાવવામાં મદદ કરે છે. પરંતુ જેમ જેમ રાત્રે ઊંઘનું દબાણ વધે છે, તેમ આ ભાગ ધીમો પડવા લાગે છે. થાકના કારણે તર્કશક્તિ નબળી પડે છે અને ભાવનાઓ વધુ પ્રબળ બને છે. આવી સ્થિતિમાં મગજ તરત મળતા આનંદ તરફ વધારે આકર્ષાય છે. પરિણામે "હવે જ ખરીદી કરો" જેવી ઓફર આપણને અતિઆકર્ષક લાગે છે.

ઈ-કોમર્સ પ્લેટફોર્મ્સ આ માનસિક સ્થિતિને સારી રીતે સમજે છે. તેઓ જાણે છે કે રાત્રે ગ્રાહક વધુ ભાવનાત્મક અને ઓછો તર્કશીલ હોય છે. એટલે જ મોડી રાત્રે ફોમો આધારિત મેસેજિંગ વધુ તેજ થઈ જાય છે. સ્ક્રીન પર દેખાતી લાઈવ નોટિફિકેશન, "આ પ્રોડક્ટને અત્યારે ૨૦ લોકો જોઈ રહ્યા છે", "૧૫ મિનિટમાં ઓફર સમાપ્ત" જેવા સંદેશા મગજમાં એક પ્રકારની તાકીદ ઊભી કરે છે. આ તાકીદ આપણને વિચારવાનો સમય આપતી નથી, ફક્ત ક્લિક કરાવવાનું કામ કરે છે.આ પ્રકારની ખરીદી ઘણી વખત આયોજન વગરની હોય છે. લોકો પછી સ્વીકારે છે કે તેમણે ફક્ત ઓફર જોઈને વસ્તુ ખરીદી, વાસ્તવિક જરૂરિયાતને આધારે નહીં. કેટલાકને લાગે છે કે ભાવ બહુ સસ્તો હતો, તો કેટલાકને લાગે છે કે ફરી આવી ઓફર નહીં મળે. પરંતુ જ્યારે સવાર થાય છે, ત્યારે દૃષ્ટિકોણ બદલાઈ જાય છે. ઊંઘ પૂરી થયા પછી તર્કશક્તિ પાછી આવે છે અને ત્યારે પ્રશ્ન ઊભો થાય છે કે "આ મેં શા માટે ખરીદ્યું?" ઘણી વાર વસ્તુની ગુણવત્તા અપેક્ષા કરતાં નબળી નીકળે છે અથવા તે વસ્તુ ખરેખર જરૂરી જ નથી લાગતી.અહેવાલો દર્શાવે છે કે મોડી રાત્રે કરાયેલી ખરીદીમાં પસ્તાવાનું પ્રમાણ વધારે હોય છે. રિટર્ન રિક્વેસ્ટમાં મોટો હિસ્સો એવા ઓર્ડર્સનો હોય છે, જે મધ્યરાત્રિ પછી મૂકવામાં આવ્યા હોય છે. ઘણા ગ્રાહકો માને છે કે તેમણે બજેટ બગાડ્યું, ભાવનામાં આવીને ખર્ચ કર્યો અથવા લાલચમાં આવીને ખોટો નિર્ણય લીધો. આ બધું વ્યક્તિગત નબળાઈ નથી, પરંતુ એક વ્યવસ્થિત રીતે રચાયેલ ડિજિટલ જાળ છે.

મનોવૈજ્ઞાનિકો કહે છે કે રાત્રે મગજ વધુ ડોપામાઈન આધારિત થઈ જાય છે. ડોપામાઈન એ એવો રસાયણ છે, જે આપણને ઉત્સાહ અને તરત મળતા આનંદ સાથે જોડે છે. જ્યારે ડોપામાઈનનું પ્રભાવ વધારે હોય છે, ત્યારે આપણે લાંબા ગાળાના પરિણામો વિશે ઓછું વિચારીએ છીએ. ઈ-કોમર્સ કંપનીઓ આ પરિસ્થિતિનો લાભ લે છે. તેઓ જાણે છે કે ગ્રાહક આ સમયે "પુરસ્કાર મેળવવાની સ્થિતિમાં" હોય છે, એટલે તરત આનંદ આપતી ખરીદી સરળ બને છે.આ પરિસ્થિતિનો એક મોટો સામાજિક પાસું પણ છે. ડિજિટલ યુગમાં મોબાઈલ હંમેશા હાથમાં હોય છે. રાત્રે ઊંઘ પહેલાં સ્ક્રીન જોવાની આદત સામાન્ય બની ગઈ છે. એ સમયે મગજ પહેલેથી જ થાકેલું હોય છે, અને તેના પર આવી માર્કેટિંગ રણનીતિઓ વધુ અસર કરે છે. પરિણામે ખર્ચ વધે છે, પસ્તાવો વધે છે અને માનસિક અસંતોષ પણ વધે છે.



ડાર્ક શોપિંગ કાર્ટ સિન્ડ્રોમ આપણને એક મહત્વનો પ્રશ્ન પૂછે છે. શું આપણે ખરેખર સ્વતંત્ર નિર્ણય લઈ રહ્યા છીએ કે પછી ડિજિટલ ડિઝાઈન આપણને ધકેલી રહી છે? જ્યારે ઓફર, સમયમર્યાદા અને સામાજિક દબાણ એક સાથે આવે છે, ત્યારે પસંદગીનો સ્વતંત્રપણો ધીમે ધીમે ઓસરતો જાય છે. આપણે વિચારીએ છીએ કે નિર્ણય આપણો છે, પરંતુ ઘણી વખત તે પૂર્વનિયોજિત માર્ગ પર લઈ જવામાં આવે છે.

આ સમસ્યાનો ઉકેલ સંપૂર્ણપણે ટેક્નોલોજીને દોષ આપવાથી નહીં આવે. વ્યક્તિગત જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. જો આપણે જાણીએ કે રાત્રે આપણું મગજ નબળું પડે છે, તો આપણે પોતાને થોડું રોકી શકીએ. ખરીદી કરતાં પહેલાં એક રાત રાહ જોવી, કાર્ટમાં વસ્તુ ઉમેરીને તરત પેમેન્ટ ન કરવું, અથવા મોડી રાત્રે શોપિંગ એપ્સથી દૂર રહેવું, આવા નાના પગલાં મદદરૂપ બની શકે છે. સાથે સાથે પ્લેટફોર્મ્સ માટે પણ નૈતિક જવાબદારીનો પ્રશ્ન ઊભો થાય છે કે શું તેઓ જાણબૂઝીને માનસિક નબળાઈનો લાભ લઈ રહ્યા છે?

અંતે, ડાર્ક શોપિંગ કાર્ટ ફક્ત એક ખરીદીની ઘટના નથી, પરંતુ આપણા સમયની એક પ્રતીકાત્મક સમસ્યા છે. તે બતાવે છે કે કેવી રીતે ડિજિટલ અર્થતંત્ર માનવ મનની નબળાઈઓ સાથે રમે છે. મધ્યરાત્રિની ખરીદીમાં આપણે ઘણી વાર વસ્તુ નથી ખરીદતા, આપણે એક ક્ષણિક ભાવના ખરીદીએ છીએ. અને જ્યારે સવાર થાય છે, ત્યારે એ ભાવના ઓસરતી જાય છે અને હાથમાં ફક્ત પસ્તાવો રહી જાય છે. આ પસ્તાવો આપણને ચેતવે છે કે ટેક્નોલોજી જેટલી સ્માર્ટ બની રહી છે, એટલું જ આપણું સ્વ-જ્ઞાન અને સંયમ પણ સ્માર્ટ બનવું જરૂરી છે.

# પાકિસ્તાનનો નિર્ણય અગમ્ય છે અને ક્રિકેટ કરતાં રાજકારણથી પ્રેરિત લાગે છે, વિરાટ કોહલીના કોચ



નવીદિલ્હી,

વિરાટ કોહલીના બાળપણના કોચ રાજકુમાર શર્માએ આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારત સામેની ગ્રુપ સ્ટેજ મેચમાંથી ખસી જવાના પાકિસ્તાન સરકારના નિર્ણય પર કડક પ્રતિક્રિયા આપી છે. તેને દુર્ભાગ્યપૂર્ણ અને આઘાતજનક ગણાવતા તેમણે કહ્યું કે આ નિર્ણયથી પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ, ત્યાંના ક્રિકેટ ચાહકો અને ખુદ ખેલાડીઓને ભારે નુકસાન થશે.

રાજકુમાર શર્માની પ્રતિક્રિયા ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામેની મેચમાં ન રમવાના પાકિસ્તાનના નિર્ણયની જાહેરાત કર્યા પછી આવી છે. પાકિસ્તાન સરકારે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક નિવેદનમાં જણાવ્યું હતું કે પાકિસ્તાન ટીમ ભારત સામે મેચ નહીં રમે. રાજકુમાર શર્માએ કહ્યું કે આ નિર્ણય અગમ્ય છે અને ક્રિકેટ કરતાં રાજકારણથી પ્રેરિત લાગે છે.

તેમણે કહ્યું કે આ ખૂબ જ દુર્ભાગ્યપૂર્ણ અને વિચિત્ર નિર્ણય છે. અત્યાર સુધી, પાકિસ્તાન તરફથી કોઈ પ્રતિક્રિયા આવી નથી. પહેલા, તેઓએ બાંગ્લાદેશને ભારતમાં ન આવવાના પક્ષમાં મતદાન કર્યું હતું, અને હવે તેઓ પોતે ભારત સામે રમવાનું બંધ કરી દીધું છે. આ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે.

રાજકુમાર શર્માએ સ્પષ્ટપણે કહ્યું કે આ નિર્ણયથી પાકિસ્તાનને સૌથી મોટું નુકસાન થશે. પાકિસ્તાન ક્રિકેટ બોર્ડને મોટું નુકસાન થશે. તે પાકિસ્તાનના લોકો માટે નુકસાન છે, જેઓ તેમની ટીમને ભારત સામે રમતા જોવા માંગે છે. તે તેમના ખેલાડીઓ માટે પણ નુકસાન છે. મને લાગે છે કે પીસીબીએ આ નિર્ણય પર પુનર્વિચાર કરવો જોઈએ.

તેમણે એ પણ સ્વીકાર્યું કે ભારતીય ટીમ હાલમાં ક્રિકેટમાં પાકિસ્તાનથી ઘણી આગળ છે, પરંતુ આ છતાં, ભારત-પાકિસ્તાન મેચનું પોતાનું મહત્વ છે. તેમણે કહ્યું કે ભારત હાલમાં ક્રિકેટમાં પાકિસ્તાનથી ઘણું આગળ છે, પરંતુ આ એક સંપૂર્ણ રાજકીય નિર્ણય છે. તેમણે આ નિર્ણય પછી આઈસીસી ની કાર્યવાહી પર પણ વિચાર કરવો જોઈએ, કારણ કે તેનાથી પીસીબીને વધુ નુકસાન થઈ શકે છે. તેમને આશા છે કે તેઓ આ નિર્ણય પર પુનર્વિચાર કરશે. ભારત-પાકિસ્તાન મેચને લઈને વિવાદ પહેલાથી જ વધુ ઘેરો બની રહ્યો છે. આ ટુર્નામેન્ટ ૭ ફેબ્રુઆરીથી શરૂ થવાની છે, અને પાકિસ્તાનનું વલણ આઈસીસી માટે એક નવો પડકાર ઉભો કરે છે.

# આપણે કંઈ કરી શકતા નથી, ભારત સામેની મેચનો બહિષ્કાર કરવા પર પાકિસ્તાની કેપ્ટનનું નિવેદન



કરાંચી,

પાકિસ્તાનના કેપ્ટન સલમાન અલી આગાએ હવે આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારત સામે ન રમવાના પાકિસ્તાન સરકારના નિર્ણય પર પોતાનું મૌન તોડ્યું છે. ત્રીજા અને અંતિમ ટી ૨૦ માં ઓસ્ટ્રેલિયા સામે ૧૧૧ રનની જંગી જીત બાદ, સલમાન આગાએ સ્પષ્ટપણે કહ્યું કે આ નિર્ણયમાં ટીમની કોઈ ભૂમિકા નથી.

ખરેખર, પાકિસ્તાન સરકારે ૧ ફેબ્રુઆરીએ સ્પષ્ટ કર્યું હતું કે ટીમને ટી ૨૦ વર્લ્ડ કપમાં ભાગ લેવાની પરવાનગી આપવામાં આવી છે, પરંતુ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં યોજાનારી ભારત-પાકિસ્તાન મેચ રમાશે નહીં. આ નિર્ણયથી ક્રિકેટ જગતમાં ખળભળાટ મચી ગયો હતો. મેચ પછી મીડિયા સાથે વાત કરતા, પાકિસ્તાનના કેપ્ટન સલમાન આગાએ કહ્યું, "અમે વર્લ્ડ કપ રમવા જઈ રહ્યા છીએ. આ અમારો નિર્ણય નથી, અમે કંઈ કરી શકતા નથી. અમારી સરકાર અને પીસીબી ચેરમેન જે કહે તે અમારે સ્વીકારવું પડશે. ભારત સામે મેચ ન રમવાનો નિર્ણય અમારો નહોતો."

અગાઉ,પીસીબી ચેરમેન અને પાકિસ્તાનના ગૃહમંત્રી મોહસીન નકવીએ સંકેત આપ્યો હતો કે વર્લ્ડ કપમાં પાકિસ્તાનની ભાગીદારી અંગે અંતિમ નિર્ણય ૩૦ જાન્યુઆરી અથવા ૨ ફેબ્રુઆરી સુધીમાં આવી શકે છે. ૩૦ જાન્યુઆરીએ કોઈ સત્તાવાર જાહેરાત ન થયા પછી, ૨ ફેબ્રુઆરીએ સ્પષ્ટતા અપેક્ષિત હતી. જો કે, ઘટનાક્રમ અચાનક વેગ પકડ્યો. ૧ ફેબ્રુઆરીની સાંજે, પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફ અને મોહસીન નકવી વચ્ચે એક મહત્વપૂર્ણ બેઠક થઈ, જેના પછી સત્તાવાર નિર્ણય જાહેર કરવામાં આવ્યો.

# પાકિસ્તાન પહેલા ટી ૨૦ વિશ્વકપનો બહિષ્કાર ઈંગ્લેન્ડ અને ઓસ્ટ્રેલિયા પણ કરી ચુકયા છે

નવીદિલ્હી,

પાકિસ્તાને આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભારત સામે ગ્રુપ સ્ટેજ મેચનો બહિષ્કાર કરવાની જાહેરાત કરીને ક્રિકેટ જગતમાં ખળભળાટ મચાવી દીધો છે. આ મેચ ૧૫ ફેબ્રુઆરીએ કોલંબોમાં રમાનારી છે. પાકિસ્તાન સરકારે ૧ ફેબ્રુઆરીએ સ્પષ્ટતા કરી હતી કે ટીમ ટુર્નામેન્ટમાં ભાગ લેશે, પરંતુ ભારત સામે મેદાનમાં ઉતરશે નહીં. આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ભારતીય ઉપખંડમાં ક્રિકેટ બોર્ડ વચ્ચે તણાવ વધી રહ્યો છે. બાંગ્લાદેશે અગાઉ ભારતમાં સુરક્ષા ચિંતાઓને કારણે ૨૦ વર્લ્ડ કપમાંથી ખસી ગયું હતું, અને તેના બદલે સ્કોટલેન્ડને ટુર્નામેન્ટમાં સામેલ કરવામાં આવ્યું હતું. જોકે, વર્લ્ડ કપના ઈતિહાસમાં આ પહેલી વાર નથી કે કોઈ ટીમ કોઈ ચોક્કસ મેચ અથવા સમગ્ર ટુર્નામેન્ટમાંથી ખસી ગઈ હોય. ભૂતકાળમાં સુરક્ષા ચિંતાઓ અને રાજકીય પરિસ્થિતિઓને કારણે આવા નિર્ણયો ઘણી વખત લેવામાં આવ્યા છે.



૧૯૯૬ વનડે વર્લ્ડ કપ દરમિયાન, શ્રીલંકા ગૃહયુદ્ધમાંથી પસાર થઈ રહ્યું હતું. ટુર્નામેન્ટના માત્ર બે અઠવાડિયા પહેલા, કોલંબોમાં એક બેંક બોમ્બ વિસ્ફોટમાં ૯૧ લોકો માર્યા ગયા હતા. આ ઘટના બાદ, ઓસ્ટ્રેલિયા અને વેસ્ટ ઈન્ડીઝ બંનેએ સુરક્ષા ચિંતાઓને કારણે શ્રીલંકા મેચ રમવાનો ઈનકાર કર્યો હતો. જોકે બંને ટીમોને શ્રીલંકા સામે રમવા સામે કોઈ વાંધો નહોતો, તેઓ સુરક્ષા ચિંતાઓને કારણે મુંબઈમાં રહ્યા. પરિણામે, શ્રીલંકાને બંને મેચમાં વોકઓવર મળ્યા. આ હોવા છતાં, ત્રણેય ટીમો આગળના રાઉન્ડમાં આગળ વધી.

૨૦૦૩ના વનડે વર્લ્ડ કપમાં, ઈંગ્લેન્ડ ઝિમ્બાબ્વેના હરારેમાં રમવાનું હતું. તે સમયે, બ્રિટનની ટોની બ્લેર સરકારે ઝિમ્બાબ્વેના રાષ્ટ્રપતિ રોબર્ટ મુગાબે સામે કડક વલણ અપનાવ્યું હતું.

# પાકિસ્તાન પીછેહઠ કરી ગયું, પરંતુ ટીમ ઈન્ડિયા તેની સંપૂર્ણ જવાબદારી નિભાવશે

નવીદિલ્હી,

આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ૧૫ ફેબ્રુઆરીએ ભારત અને પાકિસ્તાન વચ્ચેના ગ્રુપ સ્ટેજ મેચ અંગે એક નવું અપડેટ સામે આવ્યું છે. પાકિસ્તાન દ્વારા ઈન્ડિયા વિરૂધ્ધ પાકિસ્તાન મેચનો બહિષ્કાર કરવાના નિર્ણય છતાં, ભારતીય ટીમ શેડ્યૂલ મુજબ શ્રીલંકા જશે અને આઈસીસી પ્રોટોકોલનું સંપૂર્ણપણે પાલન કરશે. બીસીસીઆઈ સૂત્રોના જણાવ્યા અનુસાર, ટીમ ઈન્ડિયા કોલંબો પહોંચશે અને મેચ સંબંધિત બધી ઔપચારિકતાઓ પૂર્ણ કરશે અને પછી મેચ રેફરીના સત્તાવાર નિર્ણયની રાહ જોશે.



સૂત્રોએ જણાવ્યું હતું કે ટીમ ઈન્ડિયા શ્રીલંકાની યાત્રા કરશે અને આઈસીસીના તમામ પ્રોટોકોલનું પાલન કરશે. ટીમ સમયપત્રક મુજબ પ્રેક્ટિસ કરશે, પ્રેસ કોન્ફરન્સમાં હાજરી આપશે, સમયસર કોલંબોના એસએસસી ક્રિકેટ ગ્રાઉન્ડ પર પહોંચશે અને મેચ રદ કરવા કે નહીં તે અંગે મેચ રેફરીના નિર્ણયની રાહ જોશે. બીસીસીઆઈ સૂત્રોએ આ માહિતી આપી હતી.

પાકિસ્તાને પહેલાથી જ જાહેરાત કરી દીધી છે કે તે ૧૫ ફેબ્રુઆરીએ ભારત સામે ગ્રુપ સ્ટેજ મેચમાં નહીં રમે. પાકિસ્તાન સરકારે ઠ પર એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે પાકિસ્તાન ટીમ ભારત સામે મેચ નહીં રમે, જોકે આ માટે કોઈ નક્કર કારણ આપવામાં આવ્યું નથી.

પાકિસ્તાન સરકારે પોતાની પોસ્ટમાં જણાવ્યું છે કે પાકિસ્તાન સરકારે પાકિસ્તાન ક્રિકેટ ટીમને આઈસીસી ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૬ માં ભાગ લેવા માટે મંજૂરી આપી દીધી છે, પરંતુ ટીમ ૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૬ ના રોજ ભારત સામેની મેચમાં મેદાનમાં ઉતરશે નહીં. બધાની નજર હવે આઈસીસી અને ભારત-પાકિસ્તાન મેચ અંગે મેચ રેફરીના અંતિમ નિર્ણય પર છે.

નોંધનીય છે કે પાકિસ્તાને ગયા મહિને ટી ૨૦ વર્લ્ડ કપ માટે પોતાની ટીમની જાહેરાત કરી હતી.

# આલિયાએ રણબીર સાથે વિખવાદની અફવાને હસી કાઢી

## કેટલાક વિડીયોમાં આલિયા અને રણબીરના હાવભાવના આધારે બંને વચ્ચે અણબનાવ હોવાની અટકળો લોકોએ લગાવી હતી



મુંબઈ,

આલિયા ભટ્ટ અને રણબીર કપૂર વચ્ચે વિખવાદ થયો હોવાનો દાવો કેટલાક વાયરલ વિડીયોના આધારે કરાયો હતો. જોકે, આલિયાએ આ તમામ અફવાઓને હસી કાઢી છે. આલિયાએ એક મુલાકાતમાં કહ્યું હતું કે માત્ર સાત સેકન્ડના વિડીયોના આધારે સાત વર્ષનાં સંબંધનું માપ ન કાઢવું જોઈએ. ઉલ્લેખનીય છે કે આલિયા અને રણબીરનાં લગ્ન એપ્રિલ ૨૦૨૨માં થયાં હતાં. તે પહેલાં ત્રણ વર્ષથી તેઓ રિલેશનશિપમાં હતાં. કેટલાક વિડીયોમાં આલિયા અને રણબીરના હાવભાવના આધારે બંને વચ્ચે અણબનાવ હોવાની અટકળો લોકોએ લગાવી હતી. જોકે, આલિયાએ કહ્યું હતું કે ત્રણ સેકન્ડ કે સાત સેકન્ડના વિડીયોના આધારે લોકો કોમેન્ટ કરી રહ્યાં છે પરંતુ અમે તેનાં કરતાં અનેક ગણી ક્ષણોથી સાથે છીએ. આ બધા બકવાસથી અમને કોઈ ફરક પડતો નથી કારણ કે તેમાં કોઈ તથ્ય નથી. રણબીર અને આલિયા તેમના નવા બંગલોમાં થોડા સમય પહેલાં જ શિફ્ટ થઈ ચૂક્યાં છે.

# ધર્મ પરિવર્તન અંગે ઉર્ફી જાવેદે મૌન તોડ્યું, કહ્યું હું નાસ્તિક છું

## ધર્મના નામે થઈ રહેલા વિવાદો વચ્ચે ઉર્ફીની આ સ્પષ્ટતાએ સોશિયલ મીડિયા પર નવી ચર્ચા જગાવી



મુંબઈ,

પોતાની અતરંગી ફેશન સ્ટાઈલ માટે જાણીતી ઉર્ફી જાવેદ ફરી એકવાર ચર્ચાના કેન્દ્રમાં છે, પરંતુ આ વખતે વિવાદ કપડાંનો નહીં પણ તેના ધર્મ અને ઓળખનો છે. સોશિયલ મીડિયા પર ઉર્ફીને તેના ધર્મને લઈને સતત ટ્રોલ કરવામાં આવી રહી હતી, જે બાદ એક્ટ્રેસે હવે મૌન તોડ્યું છે. ઉર્ફીએ સ્પષ્ટ શબ્દોમાં જાહેર કર્યું છે કે તે કોઈ પણ ધર્મમાં માનતી નથી. ધર્મના નામે થઈ રહેલા વિવાદો વચ્ચે ઉર્ફીની આ સ્પષ્ટતાએ સોશિયલ મીડિયા પર નવી ચર્ચા જગાવી છે.સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર ફૈઝાન અન્સારીએ એક સનસનાટીભર્યો દાવો કર્યો હતો કે, ઉર્ફીને મુસ્લિમ સમુદાયે ઈસ્લામમાંથી બહાર કરી દીધી છે અને તેનું નામ બદલીને 'ગીતા ભારદ્વાજ' કરી દેવામાં આવ્યું છે. આ દાવાઓ પર પ્રતિક્રિયા આપતા ઉર્ફીએ તેને સદંતર ખોટા ગણાવ્યા છે. તેણે કહ્યું કે, ''મેં વર્ષો પહેલા જ ધર્મ છોડી દીધો છે. હવે આ લોકો શા માટે આવી વાતો બનાવી રહ્યા છે તે સમજાતું નથી. મારું નામ બદલવાના સમાચારમાં કોઈ સત્ય નથી.''પોતાના મંતવ્યો રજૂ કરતા ઉર્ફીએ આગળ જણાવ્યું કે તે અત્યારે કોઈ પણ ધર્મને અનુસરતી નથી અને તે 'નાસ્તિક' છે. તેણે ફૈઝાન અન્સારી પર કટાક્ષ કરતા પૂછ્યું કે, ''જો હું કોઈ સમુદાય કે ધર્મનો ભાગ જ નથી, તો તમે મને તેમાંથી બહાર કેવી રીતે કાઢી શકો? જે વ્યક્તિ ક્યાંય જોડાયેલી જ નથી, તેને ક્યાંથી કાઢશો?'' ઉર્ફીએ પોતે ધર્મથી મુક્ત હોવાની વાત પર ભાર મૂક્યો હતો.


## શબ્દ શોધો

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ઊ | ત | અ | સા | પ્રા | ગ | કા | ણ | ક | તુ | મા | લ |
| રા | દા | લ | ગી | બ | મા | સા | દ | ધ | લ | ક | ભો |
| બા | પ્રા | ઓ | સા | રા | વિ | ણિ | ઓ | પ્ર | જ્ઞા | ર | હા |
| પ્ર | મા | દ | કુ | બ | શિ | ભ | ક | સા | લ | ચા | ર |
| બા | ર | જી | તી | ર | મ | બૂ | ધ | દ | દ | અ | વિ |
| દ | ગી | પ્ર | વિ | રો | મો | વા | ધ | ઓ | ક્રો | ક | આ |
| બા | ણા | રી | ધ | ત | ધ | સા | ણ | ઉ | દ | ળ | લા |
| કી | ચી | અં | ણ | ઊ | કા | ફ | કા | દ | બં | ઔ | લી |
| ભા | દ | બં | ર | લા | જ્ઞા | ર | લ | જી | કા | ત | ન |
| સ | તી | ગં | દ | ઉ | અં | જ | ણિ | અ | બ | તુ | ળ |
| કુ | હા | ગ | ર | બ | ઉ | ક | સા | મ | હિ | મા | ઓ |
| લ | શિ | હા | ળ | બૂ | ર | દ | જ્ઞા | લી | ર | ઓ | કા |

શબ્દ શોધો

**પ્રમાદ, પ્રસાદ, પ્રામાણિક, ફરજ, બરાબર, બાદબાકી, ભમરો, ભાતીગળ, ભોરલ, મહિમા**

# અભિનેતા રામ ચરણ અને ઉપાસનાના ઘરે ફરી પારણું બંધાયું




મુંબઈ,

ામ ચરણ અને ઉપાસના કામિનેની હવે ત્રણ બાળકોના માતા-પિતા છે. આ દંપતીએ શનિવારે જોડિયા બાળકોનું સ્વાગત કર્યું, એક છોકરો અને એક છોકરી. સુપરસ્ટાર ચિરંજીવી એ ટ્વિટર પર ચાહકો સાથે દાદા બનવાનો આનંદ શેર કર્યો હતો. સુપરસ્ટાર ચિરંજીવીએ ટ્વિટર પર ગુડ ન્યુઝ શેર કરતા લખ્યું, ''અપાર આનંદ અને કૃતજ્ઞતાથી ભરેલા હૃદય સાથે, અમને જાહેરાત કરતા આનંદ થાય છે કે રામ ચરણ અને ઉપાસનાના ઘરે જોડિયા બાળકો આવ્યા છે. એક છોકરો અને એક છોકરી.'' અભિનેતાએ તેની પુત્રવધૂના સ્વાસ્થ્ય વિશે વધુ માહિતી શેર કરતા લખ્યું, ''બાળકો અને માતા બંને સ્વસ્થ છે અને સારી હાલતમાં છે. આ નાના બાળકોનું અમારા પરિવારમાં સ્વાગત કરવું એ દાદા-દાદી તરીકે અમારા માટે ભગવાન તરફથી ખૂબ જ આનંદ અને આશીર્વાદ છે. અમે દરેકની પ્રાર્થના, પ્રેમ, આશીર્વાદ અને શુભેચ્છાઓ માટે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.''ચાહકોએ આ પોસ્ટ પર ઉત્સાહપૂર્વક પ્રતિક્રિયા આપી છે અને સુપરસ્ટારને અભિનંદન આપ્યા છે. જેમને ખબર નથી તેમના માટે, આ દંપતીએ દિવાળી ૨૦૨૫ ના રોજ ચાહકો સાથે તેમની બીજી પ્રેગ્નેન્સીના સારા સમાચાર શેર કર્યા. હકીકતમાં, ઉપાસનાએ બેબી શાવરનો વીડિયો શેર કર્યો, જેમાં કેપ્શન આપ્યું, ''આ દિવાળી ડબલ ઉજવણી, ડબલ પ્રેમ અને ડબલ આશીર્વાદ હતી.'' ત્યારબાદ પરિવારે પ્રેગ્નેન્સીની પુષ્ટિ કરી હતી.રામ ચરણ અને ઉપાસના વર્ષોથી મિત્રો હતા.

# બગદાણા હુમલા કેસમાં ૮ શખ્સોને શરતી જામીન

**જેલમાં બંધ ૧૪ આરોપી પૈકી ૮ શખ્સોના શરતી જામીન મહુવા સેશન્સ કોર્ટે મંજૂર કર્યા**






તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૩

બગદાણામાં કોળી યુવાન નવનીત બાલધીયા પર થયેલા હુમલા પ્રકરમાં પોલીસે અત્યાર સુધીમાં ૧૪ શખ્સોને ધરપકડ કરી છે અને હાલ જેલમાં હતા ત્યારે આ ૧૪ પૈકી આઠ શખ્સોએ જામીન માટે મહુવા કોર્ટમાં અરજી કરી હતી જેમાં મહુવા સેશન્સ કોર્ટે આઠ શખ્સોના શરતી જામીન મંજૂર કર્યા હતાં.

બગદાણા ગામે કોળી યુવાન પર થયેલ હુમલા સંદર્ભે હાલમાં ભાવનગર જિલ્લા જેલમાં કુલ ૧૪ શખ્સો બંધ હતા, આ ૧૪ પૈકી રાજુ દેવાયત ભમ્મર, વીરુ મધુ સાયડા,આતુ ઓઘડ ભમ્મર, ભાવેશ ભગવાન છેલાણા, વિરેન્દ્ર જેરામ પરમાર, પંકજ માવજી મેર, સન્ની ઉર્ફે સતીષ વિજય વનાળીયાએ મહુવા કોર્ટમાં રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી. જેમાં કોર્ટે આ આઠેય શખ્સોને જામીન પર મુક્ત કર્યા છે. જોકે હુમલાનાં મુખ્ય માસ્ટર માઈન્ડ ગણાતા જયરાજ આહીર સહિત છ શખ્સો જેલમાં જ છે. આ સિવાય એક વ્યક્તિએ આગોતરા જામીન અરજી કરી હતી. આ શખ્સે પોતાની આગોતરા જામીન અરજી પરત ખેંચી છે જામીન મુક્ત કરાયેલ શખ્સોને એ શરતે જામીન આપવામાં આવ્યા છે કે તેઓ સોશિયલ મીડિયાથી અને બગદાણા પ્રકરણે દૂર રહેશે પોલીસને તપાસ માટે જરૂર પડે ત્યારે હાજરી આપવી પડશે તે સહિતની શરતો પર જામીન આપવામાં આવ્યા છે.

## વિશ્વ કેન્સર દિવસ નિમિતે રેડક્રોસ દ્વારા જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે

ભાવનગર,તા.૩

વર્લ્ડ કેન્સર ડે નિમિતે સમાજમા વધી રહેલા કેન્સર રોગ માટે જાગૃતિ લાવવા અને વહેલા નિદાન અને સારવાર માટે લોકોને જાગૃત કરવા માટે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ભાવનગર તેમજ ભાવનગર મેડિકલ એસોસીએશન ભાવનગર જિલ્લા શાખાના સંયુક્ત ઉપક્રમે તા. ૦૪-૦૨-૨૦૨૬ના રોજ વિશ્વ કેન્સર દિવસની ઉજવણીના ભાગરૂપે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટીને જેનબર્ક્ટ દ્વારા ૧૦ પ્રકારના કેન્સરની પ્રાથમિક સ્ક્રિનિંગ આશા વાન ફાળવવામાં આવેલ છે. તેના પરિચય, તેમજ કેન્સર અટકાયતી જન જાગૃતિ અભિયાન અંતર્ગત વ્યાખ્યાન માળાનું આયોજન ડોક્ટર હોલ, ડાયમંડ ચોક, ભાવનગર ખાતે બપોરે ૧૨ કલાકે રાખવામાં આવેલ છે, જેમાં ભાવનગર કેન્સર રિસર્ચ ઈન્સ્ટીટ્યુટ, સર ટી. હોસ્પિટલ, ભાવનગરના તજજ્ઞો માર્ગદર્શન આપશે. આ કાર્યક્રમમાં ભાવનગર શહેર અને જિલ્લાના આરોગ્યલક્ષી સામાજીક કાર્યો કરતી સંસ્થાઓના હોદેદારો અને પ્રતિનિધિઓને ઉપસ્થિત રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રીક્ષામાંથી ખેડુતની નજર ચુકવી ૪૫ હજાર તફડાવનાર ૩ ઝડપાયા

## રીક્ષા સહીત મુદ્દામાલ ઝડપી પાડતી બોરતળાવ પોલીસ



તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૩

ભાવનગર, ચિત્રા માર્કેટીગયાર્ડ ખાતે મગનભાઇ રામજીભાઈ સોલંકી ઉ.વ.પર ધંધો-ખેતી રહેઃટાઢાવડગામ તા-તળાજા વાળા ખેત પેદાશ ડુંગળીનું વેચાણ કરી રોકડ રૂ.૪૫,૫૦૦/- મેળવી પોતાના પેન્ટના ખીસ્સામાં રાખી ફરીયાદી માર્કેટીગ યાર્ડ સામે રોડ પરથી એક અજાણ નંબરની રીક્ષામાં બેઠેલ, જેમાં રીક્ષા ચાલક ઉપરાંત બે અન્ય પેસેન્જરો હાજર હતા. જેમાં ફરીયાદીને રીક્ષા ચાલકે "પાર્સલનો ફોન આવેલ છે તેમ કહી ચિત્રા એસ.ટી.એસ.ટી. વર્કશોપ પાસે ઉતાર્યા બાદ ત્રણેય વ્યક્તિઓ રીક્ષા સાથે સ્થળ પરથી નીકળી ગયા હતા. ફરીયાદીએ પોતાના ખીચ્ચામા જોતા પોતાના રૂ.૪૫,૫૦૦/- જોવામા આવેલ ન હોય. આ બનાવ અંગે ફરિયાદ નોંધાવાયેલ અને પોલીસે તપાસ હાથ ધરેલ.

દરમિયાન બોરતળાવ પોલીસ સ્ટેશનના સર્વેલન્સ સ્ટાફના માણસોએ સીસીટીવી કેમેરાઓની મદદથી રીક્ષા ટ્રેસ કરી તેમજ રૂટ ઉપરના અલગ-અલગ પ્રાઈવેટ સી.સી.ટી.વી. કેમેરા ચેક કરી આરોપીઓના વિડીયો મેળવી હ્યુમન સોર્સની મદદથી શકદારોને વેરીફાઇ કરી તેમજ રીક્ષા નંબર મેળવી પોકેટ એપ એપ્લીકેશનની મદદથી અજયસિંહ ઉર્ફે અર્જુનસિંહ ભીખુભા સોઢા ઉ.વ. ૩૧ રહે. સાપર વૈરાવળ, પ્રકાશભાઈ ઉર્ફે ભાણો સુખાભાઈ વાઘેલા ઉવ ૨૯ રહે સાપર વેરાવળ તથા પ્રકાશભાઈ નરેન્દ્રભાઈ હળદરીયા ઉ.વ ૨૫ રહે. કોટડા સાંગાણી જી.રાજકોટને મુદામાલ સાથે ઝડપી લીધા હતા.

અનુ.પાના ૮નું શરૂ...

## ભાવનગર પોલીસના નેત્રમ વિભાગના

ત્યારબાદ ધર્મદીપસિંહ એમ. ગોહિલ ચાર્જ સંભાળેલ અને છેલ્લે તા.૦૫/૧૧ના રોજ ચેક કરેલ જેમાં ફૂલ નેત્ર વિભાગના કુલ ૩૧ ફિક્સ કમેરા તથા ૦૧ પી.ટી.એડ કેમેરો તથા સર્વર એસેસરીઝ હતા. ત્યારબાદ અવાર નવાર રૂમ ચેક કરતુ પરંતુ રૂમને તાળુ મારેલ હોય જેથી કોઈ શંકા વહેમ ન હોવાથી રૂમ ખોવેલ નહી. ત્યારબાદ તા.૦૨/૦૨ના સાંજના સમયે નેત્રમ્ શાખામાં ફરજ બજાવતા ઓરેન્જ કંપનીના એન્જીનિયર વિજયભાઈ વેલજીભાઈ જાંબુચા, રવિકાંત વક્ષ્મણભાઇ બોરિચા બંને પ્રોજેક્ટ વિશ્વાસ-૦૧ ફેઝના સી.સી.ટી.વી, કેમેરા લેવા જતા તેઓને રૂમમાંનો નેત્ર પ્રોજેક્ટ તેમજ વિશ્વાસ ફેઝ - ૦૧ પ્રોજેક્ટ તેમજ વિશ્વાસ ફેળ - ૦૨ પ્રોજેક્ટના સી.સી.ટી.વી. કેમેરા તથા સર્વર વિગેરે સામાન જોવામાં ન આવતા પીએસઆઇ ગોહિલને ફોન કરી જાણ કરતા તેઓ નેત્રમ્ વિભાગના સહ કર્મચારીઓ સાથે ઘટના સ્થળે જતા ત્યાં રૂમ નં. બી/૨ અને તેની સામેના રૂમમાં રાખવામાં આવેલ સામાનની કોઈ અજાણ્યા ચોર ઈસમે ક્વાર્ટસની પાછળની બારી બહારથી ખોલી તેની ગ્રીલના કોઈ સાધન વડે કે બળપ્રયોગથી ખેંચી લોખંડની ગ્રીલ કાઢી રૂમમાં પ્રવેશ કરી નેત્ર વિભાગના કે જેનું મેન્ટેનન્સ પોસાઇ તેમ ન હોય તેવા ફૂલ ૩૬ ફોક્સ કેમેરા તથા ૦૧ પી.ટી. ગ્રેડ કેમેરો તથા સર્વર એસે સરીઝ જેવી કે આઈબીએમ કંપનીના સર્વર નંગન્ડ તેમજ હાર્ડડીસ્ક અંદાજીત ૧૦ તેની અંદાજીત કિ.રૂ.૧,૭૫,૦૦૦/-ની ગણાય તથા વિશ્વાસ ફ્રેશ -૦૧ પ્રોજેક્ટના સી.સી.ટી.વી. કેમેશ નંગ- ૧૪ ફીક્સ તથા પીટીઝેડ કેમેરા નંગ-૦૨ તથા અન્ય સરસામાન તથા વિશ્વાસ ફેલ - ૦૨ પ્રોજેક્ટના સી.સી.ટી.વી. કેમેરા તથા અન્ય સર-સામાનની ચોરી કરી થયેલ હોય પરંતુ આ બંને રૂમની ચાવી એન્જીનિયર પાસે રહેતી હોય અને તેવો સામાન લેવા તથા મુકવા માટે આવતા હોય આ પ્રોજેક્ટનો સામાન કેટલો હતો તે કંપનીના એન્જીનિયર પાસેથી જાણી શકાય તેમ હોય જેથી તેની કીમત હાલ કહી શકાય નહિ આમ કેમેરા તથા સર્વર તથા અન્ય સર-સામાનની ચોરી થઇ હોવાની ફરિયાદ થતા આજે સવારે એલસીબી તેમજ ડોગ સ્ક્વોર્ડના સ્ટાફએ ઘટના સ્થળે જઈને તપાસ હાથ ધરી હતી.

## બગદાણા હુમલા પ્રકરણનો આરોપી

પણ ભાવનગર જિલ્લાનો જ રહેવાસી છે. પહેલા પણ અમે ઝોન-૧ માં અલગ-અલગ ટીમો બનાવીને, અલગ-અલગ પોલીસ સ્ટેશનથી ટીમોને રાજસ્થાન અને મધ્યપ્રદેશ મોકલી હતી, જેમાં કુલ ૧૦ બાઇક અમે રિકવર કરી હતી. અને આ એક સ્પેશિયલ ડ્રાઇવની જેમ અમે ટુ-વ્હીલર તરફ ધ્યાન આપી રહ્યા છીએ. જેમાં અમે અલગ-અલગ પોલીસ સ્ટેશનમાં જે પણ બાઇક ચોરી થઈ રહી છે, તેને ડિટેક્ટ કરવા અને આરોપીઓને જેલ મોકલવાનું કામ કરી રહ્યા છીએ.

## આજે સવારથી મહુવા અને જેસર

રૂ.૪૩.૬૯ લાખની વીજચોરી પકડી પડાઈ હતી.PGVCL ભાવનગર રૂરલ ડિવિઝન નીચેના વિસ્તારોમાં PGVCLની કોર્પોરેટની ૧૫, સ્થાનિકની ૨૪ અને GUVNLની ૩ ટીમો મળી કુલ ૪૨ ટીમોના કાફલા સાથે ચેકિંગની કાર્યવાહીમાં ૩૮૯ રહેણાંકી અને ૩ વાણિજ્ય શ્રેણીના મળી કુલ ૩૯૨ વીજ જોડાણની તપાસ કરવામાં આવી હતી. જેમાં ૧૧૨ રહેણાંકી અને ૧ વાણિજ્ય શ્રેણીના કુલ ૧૧૩ વીજ જોડાણમાંથી ગ્રાહકોને વીજચોરી પકડી પાડવામાં આવ્યા હતા.

# અંગત પળોના વિડિઓ ઉતારી મહિલા પર વારંવાર દુષ્કર્મ ગુજારનાર પીએસઆઈના જામીન ફગાવાયા

## પત્ની ન હોવા છતાં પત્ની તરીકે અધિકાર જમાવી મરજી વિરુદ્ધ શરીર સંબંધ બાંધી અંગત પળોના વિડિઓ ઉતારી ધમકી આપેલ

ભાવનગર,તા.૩

ભાવનગરની કે મહિલાએ અગાઉ ભાવનગરમાં બાદ પોરબંદર ખાતે ફરજ બજાવતા પીએસઆઇ બેન્જામિન કિશોરભાઈ પરમારએ તેમની સાથે પત્ની ન હોવા છતાં પત્ની તરીકેના અધિકાર જમાવી વારંવાર દુષ્કર્મ ગુજારી ધમકી આપ્યાની નોંધાવાયેલી ફરિયાદના આધારે પોલીસે તેને ઝડપી જેલ હવાલે કરેલ ત્યાંથી પીએસઆઇએ અત્રેની કોર્ટમાં જામીન અરજી દાખલ કરતા અદાલતે તેમના જામીન નામંજૂર કર્યા હતા.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગરની એક મહિલાએ પીએસઆઇ બેન્જામિન કિશોરભાઈ પરમાર સામે એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે તેણી તેની પત્ની ના હોવા છતાં તેની સાથે રહી પત્ની તરીકેના અધિકાર જમાવી અવાર નવાર જગડા કરી માર મારી ટોર્ચર કરી મરજી વિરુદ્ધ વારંવાર દુષ્કર્મ ગુજારી તેની અંગત પળોનો તેના મોબાઈલમાં વિડિઓ ઉતારી તેમજ તેનું એટીએમ તથા ક્રેડિટ કાર્ડ, પાસપોર્ટ લઇ લીધેલ અને તેમના પૈસા પણ વાપરી નાખેલ અને યુવતીની સગાઇ જ્યાં થવાની હતી ત્યાં તેની અંગેત પળોના વિડિઓ વાઇરલ કરી દીધેલ આ અંગે તેની સામે ફરિયાદ નોંધાવતા તેની ધરપકડ કરી જેલ હવાલે કરવામાં આવેલ જ્યાંથી તેમને જામીન માટે ભાવનગરના ત્રીજા એડિશનલ સેસન્સ જજ અને સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ એચ.એસ.દવે સમક્ષ રજુ કરતા સરકારી વકીલ ગીતાબા જાડેજાની દલીલો ગ્રાહ્ય રાખીને અદાલતે પીએસઆઇના જામીન ફગાવી દીધા હતા.

**પશ્ચિમ રેલવે – ભાવનગર વર્કશોપ**

ઈ-ટેન્ડર નં. BVPW-2025-26-RSP-01B

**નોન એસી આઈસીએફ કોચીઝના ટોયલેટ્સનું અપગ્રેડેશન**

**કામનું નામઃ** ભાવનગર વર્કશોપ ખાતે કામના ક્ષેત્ર મુજબ નોન એસી આઈસીએફ કોચીઝના ટોયલેટ્સનું અપગ્રેડેશન.

**કામની અંદાજિત પડતરઃ** ₹ ૫૮,૧૩,૭૪,૬૫૪.૨૦/-

**બીડ સિક્યુરીટીઃ** ₹ ૩૦,૫૬,૯૦૦/-

**કામ પૂર્ણ કરવાનો સમય ગાળો :** LOA ઈશ્યુની તારીખ થી ૩૬ મહિના

**પ્રિ-બીડ મીટીંગની તારીખ અને સમયઃ** ૧૧-૦૨-૨૦૨૬, ૧૧:૦૦ કલાકે

**ટેન્ડર જમા કરવાની છેલ્લી તારીખ અને સમય અને ટેન્ડર ખુલવાની તારીખ અને સમયઃ** તા.૦૩-૦૩-૨૦૨૬ ના ૧૦:૩૦ કલાકે અને તા.૦૩-૦૩-૨૦૨૬ ના ૧૧:૦૦ કલાકે

**વેબસાઈટ વિગતોઃ** ટેન્ડર ફકત વેબસાઈટ https://www.ireps.gov.in પર ઈલેક્ટ્રોનિક્લી જમા કરવામાં આવશે

**જારીકર્તાઃ** ડેપ્યુ. ચીફ મીકેનિકલ એન્જીનીયર, ચીફ વર્કશોપ મેનેજરની ઓફીસ, કેરેજ રિપેર વર્કશોપ, ભાવનગર પરા, પશ્ચિમ રેલવે. ઈમેલ: dycmews@bvp.railnet.gov.in

BVP-257

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly

# માસુમ બાળકી ઉપર દુષ્કર્મના કેસમાં વૃદ્ધના જામીન નામંજુર

## દોઢ માસ પુર્વે શહેરના ટોપથ્રી સર્કલ નજીક ૬૫ વર્ષિય વૃધ્ધે સગીરા પર દુષ્કર્મ આચર્યું હતું

ભાવનગર તા. ૩

ભાવનગર શહેરના ટોપથ્રી સર્કલ નજીક રહેતા ૬૫ વર્ષના વૃધ્ધે દોઢ માસ પુર્વે માત્ર ૫ વર્ષની માસુમ સગીરા પર બળાત્કાર ગુજારતા પોલીસે આરોપી સામે ગુનો નોંધી આરોપીને ઝડપી લઈ જેલ હવાલે કર્યો હતો આરોપીએ જેલમાંથી મુક્ત થવા અત્રેની અદાલતમાં પોતાના વકીલ મારફતે જામીન અરજી મુકી હતી જેમાં અદાલતે આરોપીના જામીન નામંજુર કર્યા હતા. આ બનાવની જાણવા મળેલ વિગતો મુજબ આરોપી હસમુખભાઈ ઉર્ફે રૂષીભાઈ ભાયશંકરભાઈ પંડયા ઉ.વ.૬૫, ધંધો : નિવૃત રહે. પ્લોટ નં. ૨/૩/૪ ભક્તિનગર-૨, ટોપથી સર્કલ વચ્ચે, બાપાની મઢીવાળો ખાંચો, ભાવનગર નામના આરોપીએ માત્ર ૫ વર્ષ, ૫ મહિના અને ૫ દિવસની સગીરા સાથે દુષ્કર્મ ગુજારતા આ બનાવની સગીરાની માતાએ શહેરના નિલમબાગ પોલીસ મથકમાં પોલીસ ફરીયાદ નોંધાવતા પોલીસે આરોપી હસમુખભાઈ ઉર્ફે રૂષીભાઈ ભાયશંકરભાઈ પંડયા સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની ક. ૬૪(૨)(આઈ), ૬૫(૨), ૧૩૭(૨), તથા પોકસો કલમ ૪(૨), ૬, ૮, ૧૦, મુજબનો ગુનો નોંધી આરોપીને ઝડપી લીધો હતો અને જેલ હવાલે કર્યો હતો. આરોપીએ જેલમાંથી મુક્ત થવા માટે પોતાના વકિલ મારફતે ભાવનગરના ચોથા એડી. સેશન્સ જજ સ્પે. (પોક્સો કોર્ટ) જજ જે.જી.દામોદ્રાની કોર્ટમાં જામીન અરજી ચાલી જતા સરકારી વકીલ ધ્રુવ એ. મહેતાની અસરકારક દલીલો, આધાર, પુરાવા, સાક્ષીઓ વિગેરે ધ્યાને રાખી આરોપીની જામીન અરજી અદાલતે નામંજુર કરી ફગાવી દીધી હતી.

**ન્યૂઝ ફ્લેશ**

**ભાવનગરના આખલોલ જકાતનાકા પાસે ઈન્દીરાનગરમાં એકાદ વર્ષ પૂર્વ ૧૮ વર્ષીય યુવાન કિશન બદાભાઈ ઉર્ફે હિરાભાઈ મકવાણાને છરીનો ઘા ઝીકી હત્યા નિપજાવનાર આરોપી પ્રકાશ ઉર્ફે પકો કાનજીભાઈ બોરીચાને પડી આજીવન કેદઃ સરકારી વકીલ મનોજ જોષીની દલીલ અને પુરાવાઓ ગ્રાહ્ય રાખી પ્રિન્સીપલ ડિસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જર્જ એચ.એસ.મુળીયાનો ચુકાદો**

**પશ્ચિમ રેલવે - ભાવનગર મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ટેન્ડર નં. 263-2025-26 થી 265-2025-26**

| નં: | ઇ-ટેન્ડર નં. | કાર્યનું નામ | ટેન્ડર કિંમત (રૂ.) | EMD રૂ. |
|---|---|---|---|---|
| 1 | 263-2025-26 | ભાવનગર ટર્મિનસ (BVC) યાર્ડ રિમોડેલિંગ અને ઈન્ટરલોકિંગમાં સુધારો. | ૨૪,૭૦,૩૧,૫૬૬.૨૧ | ૧૩,૮૫,૨૦૦.00 |
| 2 | 264-2025-26 | DEN(W) અધિકારક્ષેત્રઃ જમીન યોજનાઓનું પ્રમાણપત્ર, સર્વે નંબરો સાથે સુપરઈમ્પોઝિશન અને KNLS-WSJ ના ગુમ થયેલ જમીન યોજનાઓનું પુનઃનિર્માણ | ૧૯,૫૧,૭૬૩.૩૭ | ૩૯,000.00 |
| 3 | 265-2025-26 | ભાવનગર મંડળના મંજૂર કાર્ય હેઠળ DEN-વેસ્ટ વિભાગમાં 7 સ્ટેશનો પર EI, MSDAC અને ઈન-બિલ્ટ બ્લોક વર્કિંગ સાથે હાલના PI સ્ટેશનોના કોડલ-લાઈફ-આધારિત રિપ્લેસમેન્ટ માટે 19 સ્ટેશનો પર એલ ઈમારતોની જોગવાઈ, જેમાં સંકળાયેલ સિગ્નલિંગ અને ટેલિકોમ સાધનોનો સમાવેશ થાય છે. | ૧૩,૨૬,૦૩,૭૩૭.૩૩ | ૮,૧૩,000.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડર માટેઃ બિડિંગ શરૂ થવાની તારીખઃ** 09/02/2026 **બિડિંગ બંધ થવાની તારીખઃ** 23/02/2026 NIT ને રેલવે **વેબસાઈટ www.ireps.gov.in પર તારીખ-30/01/2026** ના રોજ અપલોડ કરવામાં આવેલ છે

BVP 256

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૩૭૪/૨૦૨૫**
**જ.તા.૧૭/૦૯/૧૯૭૦**

**શ્રી કુલસમબેન રહિમભાઈ આગરિયા,**
**રહે. મદીના બાગ, નવાપરા, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કુલસમબેન રહિમભાઈ આગરિયાએ તેમના ભાઈ સલેમાન મહમદભાઈ સેલોતનો જન્મ તા.૧૭/૦૯/૧૯૭૦ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૩/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

**કોર્ટનો સિક્કો**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી. નં ૩૭૫/૨૦૨૫**
**જ.તા.૦૫/૧૦/૧૯૬૨**

**શ્રી ભરતભાઈ કાંતિલાલ સલોત,**
**રહે. પ્લોટ નં.૨૫/બી, હરીયાળા પ્લોટ, ડોન પાટા પાસે,**
**ડોન ચોક, ભાવનગર. મો.૮૪૬૦૨૯૦૪૪૩**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી ભરતભાઈ કાંતિલાલ સલોતએ તેમના બહેન નીરૂબેન કાંતીલાલ સલોતનો જન્મ તા.૦૫/૧૦/૧૯૬૨ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૩/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

**કોર્ટનો સિક્કો**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી.નં ૩૫૫/૨૦૨૫**
**મૃ.તા.૦૮/૦૩/૨૦૦૫**

**શ્રી વજુભા અગરસિંહ ગોહિલ,**
**રહે. કુંભારવાડા, જુના કેન્દ્ર પાસે, નારી રોડ, બાપા સિતારામ ચોક,**
**મફતનગર, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વજુભા અગરસિંહ ગોહિલએ તેમના કાકી સુરજબા જશુભા ગોહિલનું મૃત્યુ તા.૦૮/૦૩/૨૦૦૫ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૩/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

**કોર્ટનો સિક્કો**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી રજી.નં ૩૫૪/૨૦૨૫**
**મૃ.તા.૧૦/૦૮/૧૯૭૯**

**શ્રી વજુભા અગરસિંહ ગોહિલ,**
**રહે. કુંભારવાડા, જુના કેન્દ્ર પાસે, નારી રોડ, બાપા સિતારામ ચોક,**
**મફતનગર, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી, ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે મૃત્યુની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી વજુભા અગરસિંહ ગોહિલએ તેમના કાકા જસુભા રૂપસિંહ ગોહિલનું મૃત્યુ તા.૧૦/૦૮/૧૯૭૯ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૩/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

**કોર્ટનો સિક્કો**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૩૭૨/૨૦૨૫**
**જ.તા.૨૦/૦૪/૧૯૬૪**

**શ્રી કુલસમબેન રહિમભાઈ આગરિયા,**
**રહે. મદીના બાગ, નવાપરા, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કુલસમબેન રહિમભાઈ આગરિયાએ તેમનો જન્મ તા.૨૦/૦૪/૧૯૬૪ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૩/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

**કોર્ટનો સિક્કો**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**

**જાહેર નોટીસ**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, ભાવનગર સીટી**

**અરજી નં ૩૭૩/૨૦૨૫**
**જ.તા.૦૧/૦૧/૧૯૭૩**

**શ્રી કુલસમબેન રહિમભાઈ આગરિયા,**
**રહે. મદીના બાગ, નવાપરા, ભાવનગર.**

**વિરુધ્ધ**

**જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી**
**ભાવનગર મહાનગરપાલિકા કચેરી,**
**ભાવનગર**

**બાબત : જન્મ અને મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩ (૩) અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી કુલસમબેન રહિમભાઈ આગરિયાએ તેમના ભાઈ ફારૂક મહમદભાઈ સેલોતનો જન્મ તા.૦૧/૦૧/૧૯૭૩ ના રોજ ભાવનગર મુકામે થયેલ છે. તે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી રજુ કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર- પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦ માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

**આજ રોજ તા. ૨૩/૦૧/૨૦૨૬ નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો**

**હુકમથી**

**કોર્ટનો સિક્કો**

**એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ**
**અને સીટી મામલતદાર**
**ભાવનગર**

# નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે H-1B વિઝા નોંધણી ૪ માર્ચથી નવા નિયમો સાથે શરૂ થશે

વોશિંગ્ટન,
યુએસ સિટિઝનશિપ એન્ડ ઈમિગ્રેશન સર્વિસીસ (USCIS) એ નાણાકીય વર્ષ 2027 H-1B વિઝા કેપ માટે પ્રારંભિક નોંધણી અવધિ શરૂ થવાની જાહેરાત કરી છે. નોંધણી વિન્ડો ૪ માર્ચના રોજ બપોર પૂર્વીય સમયે ખુલશે અને ૧૯ માર્ચ, ૨૦૨૬ના રોજ બપોર પૂર્વીય સમયે બંધ થશે.

નોકરીદાતાઓએ લાભાર્થીઓની ઓનલાઈન નોંધણી કરાવવાની અને દરેક પ્રવેશ માટે $215 ફી ભરવાની રહેશે. પસંદગી સૂચનાઓ ૩૧ માર્ચ, ૨૦૨૬ સુધીમાં અપેક્ષિત છે.

H-1B કાર્યક્રમ યુએસ નોકરીદાતાઓને વિશિષ્ટ વ્યવસાયોમાં વિદેશી કામદારોને રોજગારી આપવાની મંજૂરી આપે છે. નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે, ફક્ત તે નોકરીદાતાઓ જેમની નોંધણી પસંદ કરવામાં આવી છે તેઓ કેપ-વિષય H-1B અરજીઓ સબમિટ કરી શકશે, જેમાં એડવાન્સ્ડ ડિગ્રી મુક્તિ હેઠળ લાયક ઠરનારાઓનો પણ સમાવેશ થાય છે.

USCIS અનુસાર, બધી નોંધણીઓ USCIS ઓનલાઈન એકાઉન્ટ દ્વારા સબમિટ કરવી જરૂરી છે. જે નોકરીદાતાઓ પાસે હાલમાં ખાતું નથી તેમની પાસે સંગઠનાત્મક ખાતું સ્થાપિત કરવું આવશ્યક છે. કાનૂની પ્રતિનિધિઓ પાસે કોઈપણ સમયે કંપનીના ગ્રાહકો ઉમેરવાની ક્ષમતા હોય છે; જોકે, લાભાર્થીઓની માહિતી અને ચુકવણીઓ ફક્ત ૪ માર્ચે નોંધણીનો સમયગાળો શરૂ થયા પછી જ સબમિટ કરી શકાય છે.

એકવાર નોંધણી વિન્ડો બંધ થઈ જાય પછી, USCIS પસંદગી પ્રક્રિયા શરૂ કરશે. ઓછામાં ઓછી એક પસંદ કરેલી નોંધણી ધરાવતા નોકરીદાતાઓ અને પ્રતિનિધિઓને ઓનલાઈન એકાઉન્ટ્સ દ્વારા સૂચનાઓ મોકલવામાં આવશે. ફક્ત તે નોંધણીઓ જે પસંદ કરવામાં આવી છે તેઓ જ અરજી ફાઈલિંગ તબક્કામાં આગળ વધવા માટે લાયક ઠરશે.

પસંદગી પછીની પ્રક્રિયાઓ: ફક્ત પસંદ કરેલા ઉમેદવારોના નોકરીદાતાઓને અરજી ફાઈલિંગ તબક્કામાં આગળ વધવાની મંજૂરી છે. H-1B વિઝા: કેટલાક ઉચ્ચ-કુશળ પદો માટે નવી $100,000 ફી હોમલેન્ડ સિક્યુરિટી વિભાગે નાણાકીય વર્ષ ૨૦૨૭ કેપ સીઝન માટે વર્તમાન નિયમોમાં સુધારો કર્યો છે. અપડેટ કરેલા માર્ગદર્શિકા અનુસાર, જો નોંધણીઓની કુલ સંખ્યા વાર્ષિક કેપ કરતાં વધી જાય, તો ંજીઐંજી એક અલગ ભારિત પસંદગી પ્રક્રિયા લાગુ કરશે. તેનાથી વિપરીત, જો કુલ નોંધણીઓ વાર્ષિક મર્યાદામાં રહે છે, તો બધી સબમિશનનું મૂલ્યાંકન કરવામાં આવશે. વધુમાં, ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ ના રોજ જારી કરાયેલ USCIS ના ચોક્કસ બિન-ઈમિગ્રન્ટ કામદારોના પ્રવેશ પર પ્રતિબંધ અનુસાર, અરજી સબમિટ કરતા પહેલા પસંદગીના નોંધણીઓ ધરાવતા નોકરીદાતાઓ પર $100,000 ની વધારાની ફી લાદવામાં આવશે. યુએસમાં રોજગાર માટે H-1B વિઝા નોંધણી માટેના અપડેટ કરેલા નિયમો અંગે વધુ માહિતી સત્તાવાર અરજી અવધિ શરૂ થાય તે પહેલાં પ્રદાન કરવામાં આવશે.

# બિહારમાં દારૂની તસ્કરી કરતી ગેંગનો પર્દાફાશ : ૧૧ મહિલાઓની ધરપકડ

## ટ્રેન દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યાએ દારૂ પહોંચાડવા માટે યુવતિઓ અને મહિલાઓનો ઉપયોગ કરવામાં આવતો હતો

પટણા,
બિહારમાં દારૂ પર પ્રતિબંધ હોવા છતાં, દારૂના તસ્કરો મહિલાઓનો ઉપયોગ કવર તરીકે કરી રહ્યા છે. પોલીસે એક આંતર-જિલ્લા દારૂની તસ્કરી કરતી ગેંગનો પર્દાફાશ કર્યો છે જેમાં છોકરીઓ અને મહિલાઓનો ઉપયોગ ટ્રેન દ્વારા એક જગ્યાએથી બીજી જગ્યાએ દારૂ પહોંચાડવા માટે કરવામાં આવતો હતો. દારૂના દાણચોરોએ ટ્રેન કોચ એટેન્ડન્ટ્સને પણ તેમની ગતિવિધિઓમાં સામેલ કર્યા હતા. પટણા રેલ્વે પોલીસે ગેંગના કુલ ૧૪ સભ્યોની ધરપકડ કરી છે, જેમાં ૧૧ મહિલાઓનો પણ સમાવેશ થાય છે.

હકીકતમાં, આ લોકોને પટણાના પાટલીપુત્ર સ્ટેશન પર સીમાંચલ એક્સપ્રેસમાંથી પકડવામાં આવ્યા હતા. સીમાંચલ એક્સપ્રેસ કોચ એટેન્ડન્ટ, નિખિલ કુમાર ઉપરાંત, તે જ ટ્રેનમાં સવાર ૧૧ મહિલાઓ અને ૩ પુરુષ તસ્કરોની ધરપકડ કરવામાં આવી હતી. રેલ્વે પોલીસ અધિક્ષક અનંત કુમાર રાયના આદેશ પર, દાનાપુર રેલ્વે ડીએસપી કંચન રાજે ટ્રેનમાં સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. ૯૫ લિટર વિદેશી દારૂ, ૪૦,૦૦૦ રૂપિયા રોકડા, ૬ સ્માર્ટફોન અને ૫ કીપેડ મોબાઈલ ફોન મળી આવ્યા હતા. તેમની સામે પાટલીપુત્ર જંકશન રેલ્વે પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો હતો. આજે કોર્ટમાં રજૂ કર્યા બાદ તેમને જેલમાં મોકલી દેવામાં આવ્યા હતા. આ તસ્કરો પાસેથી જપ્ત કરાયેલા મોબાઈલ ફોનના સીડીઆરનો ઉપયોગ કરીને હવે તેમના નેટવર્કની તપાસ કરવામાં આવી રહી છે.

# બાંગ્લાદેશના ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાને ભ્રષ્ટાચારના કેસમાં૧૦ વર્ષની જેલની સજા



ઢાકા,
બાંગ્લાદેશની એક કોર્ટે સરકારી આવાસ પ્રોજેક્ટમાં જમીન ફાળવણીમાં કથિત અનિયમિતતાઓ સંબંધિત બે અલગ અલગ ભ્રષ્ટાચારના કેસમાં ભૂતપૂર્વ વડા પ્રધાન શેખ હસીનાને ૧૦ વર્ષની જેલની સજા ફટકારી છે.અહેવાલ મુજબ, ઢાકાની સ્પેશિયલ જજ કોર્ટ-૪ ના ન્યાયાધીશ રબીઉલ આલમે હસીનાને કુલ ૧૦ વર્ષની જેલની સજા ફટકારી છે, દરેક ગુના પર પાંચ વર્ષ.

પૂર્બાચલમાં રાજુક ન્યુ ટાઉન પ્રોજેક્ટ હેઠળ પ્લોટ ફાળવણીમાં કથિત ગેરરીતિઓ સંબંધિત કેસોમાં કોર્ટે ૭૮ વર્ષીય હસીના, તેમના ભત્રીજા રદવાન મુજીબ સિદ્દીક અને તેમની ભત્રીજીઓ, ટ્યૂલિપ રિઝવાના સિદ્દીક અને આઝમીના સિદ્દીક અને અન્ય લોકોને સજા ફટકારી હતી. ટ્યૂલિપ સિદ્દીકને ચાર વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી, દરેક ગુનામાં બે વર્ષ. રદવાન મુજીબ સિદ્દીક અને આઝમીના સિદ્દીકને બંને ગુનામાં સાત વર્ષની જેલની સજા ફટકારવામાં આવી હતી.

# ઝારખંડના ૧૪ સ્થળાંતરિત કામદારો દુબઈમાં ફસાયા : સલામત વાપસી માટે અપીલ કરી

## ગિરિડીહ, હજારીબાગ અને બોકારો જિલ્લાના કામદારો એક વિડિઓ દ્વારા પોતાની દુર્દશા શેર કરી

રાંચી,
ઝારખંડના વિવિધ જિલ્લાઓમાંથી દુબઈ ગયેલા ચૌદ સ્થળાંતરિત કામદારો વેતન ન ચૂકવવાના અને ઓવરટાઈમ કામના દબાણને કારણે ગંભીર મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હોવાનું કહેવાય છે. આ કામદારોએ રાજ્ય સરકારને સલામત વાપસી માટે અપીલ કરી છે. આ માહિતી રાજ્ય સ્થળાંતર નિયંત્રણ સેલના ટીમ લીડર શિખા લાકરાએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, આ કામદારો ગિરિડીહ, હજારીબાગ અને બોકારો જિલ્લાના રહેવાસી છે. તેમણે એક વિડિઓ દ્વારા પોતાની દુર્દશા શેર કરી હતી, જેમાં આરોપ લગાવવામાં આવ્યો હતો કે સંબંધિત ખાનગી કંપનીએ તેમને ત્રણ મહિનાથી પગાર આપ્યો નથી અને તેમને ઓવરટાઈમ કામ કરવા માટે દબાણ કરી રહી છે. આના કારણે તેમને રહેઠાણ અને ખોરાકની સમસ્યા થઈ રહી છે.

શિખા લાકરાએ અહેવાલ આપ્યો હતો કે ફસાયેલા કામદારોએ તેમની દુર્દશાનો એક વિડિઓ સામાજિક કાર્યકર્તા સિકંદર અલીને મોકલ્યો હતો, જે સ્થળાંતર કામદારોના કલ્યાણ માટે કામ કરે છે. વિડિઓમાં, કામદારોએ સરકારને મદદ માટે અપીલ કરી હતી. રાજ્ય સ્થળાંતર નિયંત્રણ સેલ હવે કામદારોનો સંપર્ક કરી રહ્યું છે અને તેમના અધિકારીએ જણાવ્યું હતું કે ચકાસણી પ્રક્રિયા પૂર્ણ થયા પછી, કામદારોના સુરક્ષિત પરત ફરવાની ખાતરી કરવા માટે ભારતીય દૂતાવાસ અને યુએઈ સરકારના અધિકારીઓ સાથે વાતચીત શરૂ કરવામાં આવશે. રાજ્ય સરકાર આ દિશામાં જરૂરી પગલાં લેવાની તૈયારી કરી રહી છે.

સામાજિક કાર્યકર્તા સિકંદર અલીએ કેન્દ્ર અને રાજ્ય સરકારો પાસેથી નક્કર રાજદ્વારી કાર્યવાહીની માંગ કરી છે. તેમણે કહ્યું કે વિદેશમાં સ્થળાંતરિત કામદારોને હેરાન કરવાના કિસ્સાઓ ભૂતકાળમાં નોંધાયા છે, અને ઘણા પ્રયત્નો પછી, તેમને પાછા લાવવામાં આવ્યા છે, પરંતુ રોજીરોટી કમાવવાની મજબૂરી કામદારોને વિદેશ જવાનું ચાલુ રાખવા મજબૂર કરે છે.

દુબઈમાં ફસાયેલા કામદારોમાં રોશન કુમાર અને અજય કુમાર (બંને ગિરિડીહના સરિયાના રહેવાસી), ગિરિડીહના બગોદરના રાજેશ મહતો અને અજય કુમાર, બોકારોના પેંક નારાયણપુરના દલેશ્વર મહતો, ખેદૈડીહના જાગેશ્વર મહતો અને ફલેન્દ્ર મહતો, બૈજનાથ મહતો, દિલીપ મહતો, ગંગાધર મહતો, સિરિયાના ત્રિલોકી મહતો, બસરિયાના દીપક કુમાર, ગોરહરના રોહિત મહતો અને સેવા મહતો (બધા હજારીબાગ જિલ્લાના)નો સમાવેશ થાય છે.

# હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા વચ્ચે ૯,૦૦૦ ફૂટની ઊંચાઈથી લકવાગ્રસ્ત વૃદ્ધ મહિલાને IAFએ બચાવી

શિમલા,
હિમાચલ પ્રદેશના ધાંડેરવાડીમાં, ભારે હિમવર્ષાને કારણે પ્રવેશ માર્ગો સંપૂર્ણપણે બંધ થઈ ગયા હતા, જેના કારણે ૮૫ વર્ષીય લકવાગ્રસ્ત મહિલા ગંભીર હાલતમાં હતી અને તેમને કોઈ તબીબી સહાય મળી ન હતી. માર્ગ સંપર્ક તૂટી જતાં, ભારતીય વાયુસેના (IAF) એ એક ચિતા હેલિકોપ્ટર તૈનાત કર્યું જે લગભગ શૂન્ય દૃશ્યતા અને અવિરત બરફવર્ષા છતાં ઉડાન ભરી હતી. મહિલાને ૯,૦૦૦ ફૂટની ઊંચાઈથી સુરક્ષિત રીતે એરલિફ્ટ કરવામાં આવી હતી અને ચંદીગઢ લઈ જવામાં આવી હતી. અધિકારીઓના જણાવ્યા મુજબ, સમયસર તબીબી સહાયથી તેની સ્થિતિ સ્થિર થઈ ગઈ હતી. વાયુસેના દ્વારા શેર કરાયેલા એક વીડિયોમાં કર્મચારીઓ દર્દીને હેલિકોપ્ટરમાં લોડ કરતા પહેલા સ્ટ્રેચર પર બરફથી ઢંકાયેલા હેલિપેડ પર ખસેડતા જોવા મળે છે.

ભારતીય વાયુસેનાએ ઠ પર તેના સત્તાવાર હેન્ડલ પર પોસ્ટ કર્યું, જેમાં કહેવામાં આવ્યું છે કે, "IAF ના ચિત્તા હેલિકોપ્ટરે ૯,૦૦૦ ફૂટ પર સ્થિત હિમાચલ પ્રદેશના ધંદરવારીથી ૮૫ વર્ષીય લકવાગ્રસ્ત મહિલાનું કટોકટી તબીબી સ્થળાંતર સફળતાપૂર્વક હાથ ધર્યું."

અગાઉ, ભારતીય વાયુસેનાએ મણિપુરમાં અગ્નિશામક કામગીરીમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. ત્રણ દિવસના સમયગાળામાં, IAF હેલિકોપ્ટરોએ વિશાળ આગને ઓલવવામાં મદદ કરવા માટે લગભગ ૪૦,૦૦૦ લિટર પાણી પૂરું પાડ્યું હતું. વાયુસેનાના જણાવ્યા અનુસાર, તેના Mi-17 ફ૫ હેલિકોપ્ટરોએ આગ, જોરદાર પવન અને ઓછી દૃશ્યતાનો સામનો કરતી વખતે આશરે ૯,૫૦૦ ફૂટ પર પાણી છોડવાના મિશન હાથ ધર્યા હતા.

# સંરક્ષણ મંત્રીએ યંત્ર ઈન્ડિયાને 'મિનિરત્ન' શ્રેણી-૧નો દરજ્જો આપવા મંજૂરી આપી

નવી દિલ્હી,
સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે યંત્ર ઈન્ડિયા લિમિટેડને 'મિનિરત્ન' કેટેગરી-૧ દરજ્જો આપવાને મંજૂરી આપી છે, જે આત્મનિર્ભર ભારતના વિઝન પ્રત્યે સરકારની સતત પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે.

તેમણે જણાવ્યું હતું કે આ વ્યાપક સંરક્ષણ સુધારાઓ સાથે સુસંગત છે જેનો ઉદ્દેશ્ય આયાત પર નિર્ભરતા ઘટાડવા, સ્થાનિક સંરક્ષણ ઉત્પાદનને પ્રોત્સાહન આપવા, ભારતીય ઉદ્યોગની ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને ભારતને વૈશ્વિક સંરક્ષણ ઉત્પાદન કેન્દ્ર તરીકે સ્થાન આપવાનો છે.

અધિકારીઓએ ઉમેર્યું હતું કે તે સંરક્ષણ ઉત્પાદન, સંશોધન અને વ્યૂહાત્મક તકનીકોમાં સ્વદેશી ક્ષમતાઓના નિર્માણ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરે છે.

"મિનિરત્ન દરજ્જો YIL ના બોર્ડને સરકારની મંજૂરી વિના ૫૦૦ કરોડ સુધીના નવા પ્રોજેક્ટ્સ, આધુનિકીકરણ, સાધનોની ખરીદી વગેરે પર મૂડી ખર્ચ કરવા માટે સશક્ત બનાવે છે. આ કંપનીને ઝડપી વૃદ્ધિ માર્ગ અને સંરક્ષણ ઉત્પાદન અને નિકાસમાં નવી ઊંચાઈઓ પ્રાપ્ત કરવા માટે વધુ સશક્ત બનાવશે," સંરક્ષણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું.

આ નિર્ણય આત્મનિર્ભર ભારતના વિઝન પ્રત્યે સરકારની સતત પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે, "સંરક્ષણ ઉત્પાદન, સંશોધન અને વ્યૂહાત્મક તકનીકોમાં સ્વદેશી ક્ષમતાઓના નિર્માણ પર મજબૂત ધ્યાન કેન્દ્રિત કરીને".

લગભગ ચાર વર્ષના ટૂંકા ગાળામાં સરકારી સંગઠનમાંથી નફાકારક કોર્પોરેટ એન્ટિટીમાં રૂપાંતરિત થવા બદલ સંરક્ષણ જાહેર ક્ષેત્રના ઉપક્રમને અભિનંદન આપતા, સિંહે કૈંન્ના મેનેજમેન્ટ દ્વારા કંપનીના ટર્નઓવરમાં વધારો કરવા, સ્વદેશીકરણને મહત્તમ કરવા અને 'મિનિરત્ન' દરજ્જો આપવા માટે અન્ય કામગીરી પરિમાણોને પૂર્ણ કરવા માટે લેવામાં આવેલી પહેલ પર સંતોષ વ્યક્ત કર્યો.

"YIL એ તેની સ્થાપના પછી નોંધપાત્ર સીમાચિહ્નો હાંસલ કર્યા છે, જેમાં ૨૦૨૧-૨૨ માં ?૯૫૬.૩૨ કરોડથી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ૩,૧૦૮.૭૯ કરોડના વેચાણમાં શાનદાર વૃદ્ધિનો સમાવેશ થાય છે. નિકાસ મોરચે, તેણે નાણાકીય વર્ષ ૨૦૨૧-૨૨ માં NIL થી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં ૩૨૧.૭૭ કરોડનો વધારો હાંસલ કર્યો છે," નિવેદનમાં જણાવાયું છે.

# યુક્રેન-રશિયા-અમેરિકા ત્રિપક્ષીય વાટાઘાટોના બીજા રાઉન્ડ પહેલા ડિનિપ્રોમાં રશિયન ડ્રોન હુમલામાં ૧૫ લોકોના મોત

ડિનિપ્રો,
યુક્રેનના ડિનિપ્રોમાં ખાણકામ કરનારાઓને લઈ જતી બસ પર રશિયન ડ્રોન અથડાયા બાદ ૧૫ જેટલા લોકો માર્યા ગયા હતા, એમ યુક્રેનના કટોકટી અધિકારીઓએ રવિવારે જણાવ્યું હતું. બસ તેમની શિફ્ટના અંતે કામદારોને લઈ જઈ રહી હતી ત્યારે તેને ટક્કર મારી હતી. કટોકટી સેવાઓ અનુસાર, આ હુમલામાં સાત અન્ય લોકો ઘાયલ થયા હતા. ઘટનાસ્થળે આગ લાગી હતી પરંતુ બાદમાં તેને કાબૂમાં લેવામાં આવી હતી.

યુક્રેન, રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે અશાંતિગ્રસ્ત પ્રદેશમાં શાંતિ માટે વાટાઘાટોનો બીજો રાઉન્ડ શરૂ કરવા માટે ચર્ચાઓ વચ્ચે આ વાત સામે આવી છે.

યુક્રેનની સૌથી મોટી ખાનગી ઊર્જા કંપની, DTEK એ પુષ્ટિ આપી છે કે બસ કંપનીની છે. તેણે કહ્યું કે હડતાલ ડિનિપ્રોપેટ્રોવસ્ક પ્રદેશમાં તેના ખાણકામ કામગીરી પર "મોટા આતંકવાદી હુમલા" તરીકે વર્ણવવામાં આવેલા હડતાલનો એક ભાગ હતો.

ટેલિગ્રામ પર શેર કરાયેલા એક નિવેદનમાં, DTEK એ જણાવ્યું હતું કે મુખ્ય લક્ષ્યોમાંનું એક કંપનીની બસ હતી જે ખાણકામ કરનારાઓને કાર્યસ્થળથી દૂર લઈ જતી હતી. પ્રદેશની રાજધાની, ડિનિપ્રોને સંઘર્ષ દરમિયાન વારંવાર હુમલાઓનો સામનો કરવો પડ્યો છે.

અધિકારીઓ હડતાલ અને તેની અસર વિશે વધુ વિગતો એકત્રિત કરતી વખતે કટોકટી ટીમો સ્થળ પર કામ કરી રહી છે.


૪-૫ ફેબ્રુઆરીએ ત્રિપક્ષીય વાટાઘાટોનો આગામી રાઉન્ડ

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ રવિવારે જણાવ્યું હતું કે યુક્રેન, રશિયા અને યુનાઈટેડ સ્ટેટ્સ વચ્ચે લગભગ ચાર વર્ષ જૂના સંઘર્ષનો અંત લાવવાના હેતુથી ત્રિપક્ષીય વાટાઘાટોનો આગામી રાઉન્ડ ૪ અને ૫ ફેબ્રુઆરીએ યોજાવાનો છે.

"અમારી વાટાઘાટ ટીમ તરફથી અમને હમણાં જ એક અહેવાલ મળ્યો છે. આગામી ત્રિપક્ષીય બેઠકોની તારીખો નક્કી કરવામાં આવી છે: ૪ અને ૫ ફેબ્રુઆરીએ અબુ ધાબીમાં. યુક્રેન નોંધપાત્ર વાટાઘાટો માટે તૈયાર છે, અને અમને એવા પરિણામમાં રસ છે જે અમને યુદ્ધના વાસ્તવિક અને ગૌરવપૂર્ણ અંતની નજીક લાવશે," ઝેલેન્સકીએ ટેલિગ્રામ પોસ્ટમાં જણાવ્યું હતું.

# ભારત આવતા પ્રવાસીઓ હવે ૭૫૦૦૦ સુધીનો ડ્યુટી ફ્રી સામાન લાવી શકશે

### ભારતમાં આવતા પ્રવાસીઓ માટે બેગેજ નિયમોમાં ફેરફાર



નવી દિલ્હી,
ભારતમાં આવતા પ્રવાસીઓ માટે સરકારે બેગેજ નિયમોમાં મોટા ફેરફારો કર્યા છે. આ બેગેજ નિયમો ૨૦૨૬ ૨ ફેબ્રુઆરી ૨૦૨૬ થી અમલમાં આવે છે. જેમાં હવાઈ અથવા સમુદ્ર માર્ગે ભારતમાં આવતા મુસાફરોને ઉચ્ચ-મૂલ્યની વ્યક્તિગત વસ્તુઓ ડ્યુટી-ફ્રી લાવવાની મંજૂરી આપે છે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ઈન્ડાયરેક્ટ ટેક્સીસ એન્ડ કસ્ટમ્સ એ ૧ ફેબ્રુઆરીના રોજ જાહેર કરેલી એક સૂચનામાં આ ફેરફારોની જાહેરાત કરી છે.

જેમાં ભારતીય રહેવાસીઓ, ભારતીય મૂળના પ્રવાસીઓ અથવા માન્ય વિઝા ધરાવતા વિદેશી નાગરિકો (ટૂરિસ્ટ વિઝા સિવાય) હવે રૂપિયા ૭૫,૦૦૦ સુધીની કિંમતની વસ્તુઓ ડ્યુટી-ફ્રી આયાત કરી શકે છે. આ મર્યાદા પહેલા રૂપિયા ૫૦,૦૦૦ હતી. વિદેશી પ્રવાસીઓ (ટૂરિસ્ટ વિઝા પર આવતા લોકો) માટે ડ્યુટી-ફ્રી મર્યાદા વધારીને રૂપિયા ૨૫,૦૦૦ કરવામાં આવી છે. જે પહેલા રૂપિયા ૧૫,૦૦૦ હતી.


ભારતીય રહેવાસીઓ અથવા ભારતીય મૂળના વ્યક્તિઓ કે જેઓ એક વર્ષથી વધુ સમયથી વિદેશમાં છે તેઓ પરત ફરતી વખતે મર્યાદિત માત્રામાં સોનાના દાગીના (અથવા અન્ય કિંમતી ધાતુઓથી બનેલા દાગીના) ડ્યુટી ચૂકવ્યા વિના ભારત લાવી શકે છે, જો કે તે વ્યક્તિગત ઉપયોગ માટે હોય અને વેચાણ માટે ન હોય તો મહિલા મુસાફરો મહત્તમ ૪૦ ગ્રામ સુધી અને પુરુષ મુસાફરો મહત્તમ ૨૦ ગ્રામ સુધી લાવી શકશે.

૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના કોઈપણ મુસાફર (ક્રૂ સભ્યો સિવાય) તેમના સામાનમાં ડ્યુટી ફ્રી નવું લેપટોપ અથવા નોટપેડ લાવી શકે છે. આ સુવિધા પ્રવાસીઓ માટે, ખાસ કરીને જેઓ વિદેશથી ઈલેક્ટ્રોનિક્સ લાવે છે તેમના માટે નોંધપાત્ર રાહત છે.

ઉલ્લેખનીય છે કે, ડ્યુટી-ફ્રી સામાનની મર્યાદા મુસાફરો વચ્ચે વહેંચી અથવા ભેગી કરી શકાતી નથી. દરેક મુસાફરનો પોતાની અલગ રાહત મળશે.આ સામાનમાંથી અમુક વસ્તુઓ (જેમ કે વધારાની સિગારેટ/તમાકુ/દારૂ, સોના અને ચાંદીના બાર, ટેલિવિઝન, વગેરે) બાકાત રાખવામાં આવશે.જ્યારે હ્વઈસ્છ હેઠળ ચલણ પરિવહન નિયમો સમાન રહેશે.

# ચૂંટણીના ૩ મહિના પહેલાં જ પશ્ચિમ બંગાળમાં કેમ SIR પ્રક્રિયા શરૂ કરવામાં આવી?

### બંગાળમાં મતદાર યાદી સુધારણા મામલે મમતા બેનરજીના ભાજપ અને ચૂંટણી પંચ પર પ્રહાર



નવી દિલ્હી,
વિધાનસભા ચૂંટણી પહેલાં પશ્ચિમ બંગાળમાં ચાલી રહેલા વોટર લિસ્ટ મામલે રાજકારણ ગરમાયું છે. ખાસ કરી સીએમ મમતા બેનર્જી પણ આ મામલે મેદાને ઉતર્યા છે. આ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બંનેર્જીએ દિલ્હીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત પછી મમતાએ ચૂંટણી પંચ અને મુખ્ય ચૂંટણી કમિશનર પર ગંભીર પ્રહારો પણ કર્યા છે. મમતા બેનર્જીએ ચૂંટણી આયોગ પર ભાજપના ઈશારા પર કામ કરવાનો આરોપ લગાવ્યો છે. જેના કારણે મામલો વધારે ઉગ્ર બન્યો છે.

મળતી વિગતો પ્રમાણે ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને મળવા મમતા બેનર્જી સાથે ટીએમસીના નેશનલ જનરલ સેક્રેટરી અભિષેક બેનર્જી, પાર્ટીના ધારાસભ્ય કલ્યાણ બેનર્જી અને અન્ય લોકો ઓફિસ પહોંચ્યા હતા. આ લોકોએ ઓફિસ બહાર હોબાળો મચાવ્યો હતો. ચૂંટણી કમિશનરને મળ્યા પછી મમતા બેનર્જીએ કહ્યું કે ચૂંટણીના ૩ મહિના પહેલાં જ પશ્ચિમ બંગાળમાં કેમ જીંઇ પ્રક્રિયા શરૂ કરવામાં આવી? ચૂંટણીવાળા રાજ્યોને છોડી શકાય? આસામમાં ભાજપ સરકાર છે, ત્યાં SIRની પ્રક્રિયા કેમ શરૂ કરવામાં આવી નથી.

રોબોટિક સર્જરી
ડૉ. કેવલ પરમાર
એમ.એસ. ઓર્થોપેડીક (ગોલ્ડ મેડાલીસ્ટ)
ટ્રોમા એન્ડ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન
ઘૂંટણ બદલવાનું ઓપરેશન
કે.પી હોસ્પિટલ નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8 તા.૦૩-૦૨-૨૦૨૬, મંગળવાર
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન: (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

EFCEE SAROVAR PREMIERE bhavnagar
A SAROVAR HOTEL
LEELA WORLD WIDE
Iscon Mega City, Opp. Victoria Park, Bhavagar - 364002
Reservations : +91 7575005171
esp@sarovarhotels.com

## હવે શહેર કેવી રીતે રહેશે સુરક્ષિત!

# ભાવનગર પોલીસના નેત્રમ વિભાગના ૩૭ સહીત ૫૧ થી વધુ કેમેરા ચોરાયા

### નેત્રમ વિભાગને મેન્ટેનન્સ પોસાતું ના હોય તમામ સમાન વિદ્યાનગર પોલીસ લાઈનમાં કન્ડમ ક્વાર્ટસમાં મુક્યો હતો, અજાણ્યા શખ્સો બારીની ગ્રીલ તોડી ચોરી કરી ગયા, ડોગ સ્ક્વોર્ડ સહીત પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી ગયો





તસવીર : ધવલ વાજા

ભાવનગર,તા.૩

ભાવનગર શહેર તથા જિલ્લામાં ચોરી સહીત ગુનાઓનું પ્રમાણ છેલ્લા કેટલાક સમયથી વધી રહ્યું છે મંદિર ચોરી સહિતના ગુનાઓ તાજેતરમાં બન્યા હતા ત્યારે ચોર ઈસમોની હિંમત વધી હોય તેમ પોલીસ વિભાગમાં તસ્કરો પણ હાથ ફેરો કરી ગયાનો બનાવ ભાવનગરમાં બનતા ચકચાર મચી જવા પામી છે. ભાવનગરની સુરક્ષા માટે કાર્યરત નેત્રમ વિભાગ દ્વારા મેન્ટેનન્સ પોસાતું ના હોય માઉન્ટેડ કન્ડમ ક્વાર્ટસ બી માં સ્ટોર કરવામાં આવેલા ૫૧થી વધુ કેમેરા ઉપરાંત સર્વર, ૧૦ હાર્ડડિસ્ક સહીત મુદામાલની ચોરી કરી ગયાની વાયરલેસ પીએસઆઈ ધર્મદીપસિંહ એમ. ગોહિલ દ્વારા નિલમબાગ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ બનાવથી હવે શહેરની સુરક્ષા કેવી રીતે થશે તેવા પણ સવાલો ઉઠવા પામ્યા છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગર પોલીસ હેડ ક્વાર્ટરના વાયરલેસ વિભાગના પીએસઆઈ ધર્મદીપસિંગ ગોહિલે નીલમ બાગ પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે ગઈ તા.૦૧/૧૧/૨૦૨૫થી તા.૦૨/૨/૨૦૨૬ દરમ્યાન કોઈ અજાણ્યા ચોર ઈસમે વિદ્યાનગર પોલીસ લાઇનમાં આવેલ માઉન્ટેડ કન્ડમ ક્વાર્ટસ બી માં રૂમ નં. બી/૨ અને તેની સામેના રૂમમાં ચોરી કરવાના ઈરાદે પ્રવેશ કરી રૂમમાં રાખવામાં આવેલ નેત્ર વિભાગના કેમેરા કે જેનું મેન્ટેનન્સ પોસાઈ તેમ ન હોય તેવા ફૂલ ૩૬ ફીક્સ કેમેરા તથા ૦૧ પી.ટી.ઝેડ કેમેરો તથા સર્વર એસેસરીઝ જેવી કે આઈ બીએમ કંપનીના સર્વર નંગ-૦૨ તેમજ હાર્ડડીસ્ક અંદાજીત ૧૦ તેની અંદાજીત કિ.રૂ. ૧, ૭૫, ૦૦૦/- ની ગણાય તથા વિશ્વાસ ફેઝ - ૦૧ પ્રોજેક્ટના સી.સી.ટી.વી. કેમેરા નંગ- ૧૪ ફીક્સ તથા પીટીઝેડ કેમેરા નંગ-૦૨ તથા અન્ય સરસામાન તથા વિશ્વાસ ફેઝ - ૦૨ વિશ્વાસ ફેઝ - ૦૨ પ્રોજેક્ટના સી.સી.ટી.વી. કેમેરા તથા સર્વર તથા વિગેરે સર-સામાનની કોઈ અજાણ્યા તસ્કરો ચોરી કરી લઈ જઈ ગુનો કરતા પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ બીએનએસની કલમ ૩૦૫-એ, ૩૩૧-૩ ૩૩૧-૪ મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ બનાવથી પોલીસ બેડામાં ચકચાર મચી જવા પામી છે.

પોલીસ ફરિયાદમાં જણાવ્યા મુજબ ભાવનગર શહેરમાં અલગ અલગ જગ્યાએ સરકાર દ્વારા સી.સી.ટી.વી. કેમેરા લગાવેલ હોય, અને તેનું સંચાલન ભાવનગર પોલીસ હેડ ક્વાર્ટસમાં આવેલ કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ નેત્રમ ખાતેથી થાય છે. અને ભાવનગર શહેરમાં અગાઉ પબ્લીકની સહ ભાગીદારીથી નેત્ર પ્રોજક્ટ શરૂ કરવામાં આવેલ, અને ત્યારબાદ આ પ્રોજેક્ટ બંધ થતા અને તેના મેંન્ટેનન્સના સી.સી.ટી.વી. કેમેરા તથા હાલ સરકાર દ્વારા વિશ્વાસ ફેસ-૦૧ પ્રોજેક્ટ શરૂ હોય તેના ભાવનગરમાં અલગ અલગ જગ્યાએ સી.સી.ટી.વી. કેમેરા ચગાવેલ હોય. તેના મેન્ટેનન્સના કેમેરા તથા સરકાર દ્વારા નવા શરૂ કરવામાં આવેલ વિશ્વાસ ફેજ- ૦૨ પ્રોજેક્ટ કે જેનું કામ હાલ ભાવનગરમાં શરૂ હોય અને આ પ્રોજેક્ટ અંતર્ગત આવેલ નવા સી.સી.ટી.વી. કેમેરા ભાવનગર વિદ્યાનગર ખાતે આવેલ પોલીસ લાઈનનાં કન્ડમ માઉ-સ્ટેડ ક્વાર્ટસ બી માં રૂમ નં,બીઈર અને તેની સામેના રૂમમાં થઈ તા. ૨૯/૦૩/૨૦૨૫ ના રોજ I/C પો.સબ ઈન્સ.ડી.ડી. સોરઠીયા નેત્ર વિભાગએ રાખેલ અને

અનુસંધાન ૬

## વેપારીને છરી મારનાર બેન્કના બે એજન્ટો સહિત ચાર ઝબ્બે



તસવીર : ધવલ વાજા

ભાવનગર શહેરના ભરતનગર રિંગરોડ ઉપર ત્રણ દિવસ અગાઉ એક્સીસ બેન્કના બે રીકવરી એજન્ટો સહિત ચાર શખ્સોએ બેન્કના ગ્રાહકની દુકાને જઈ, લોનના હપ્તાની પઠાણી ઉઘરાણી કરી હતી અને બાદમાં ગ્રાહકને છરીના ઘા ઝીંકી ફરાર થયા હતા. જે મામલે ભરતનગર પોલીસે બેન્કના રીકવરી એજન્ટ હરદીપસિંહ એચ. ઝાલા, મિતરાજસિંહ યુવરાજસિંહ જાડેજા તેમજ સચીન રમણીકભાઈ કારીયા, હર્ષદીપસિંહ હરપાલસિંહ ગોહિલની ધરપકડ કરી હતી.

## શિપબ્રેકીંગ સંલગ્ન રોલીંગમીલ ઉદ્યોગનું આર્થિક ભારણ ઘટવાની આશા પર પાણી ફર્યું

# બજેટમાં રોલિંગ મિલ ઉદ્યોગોને રાહત તો ના મળી પણ ભારણ વધ્યું !

**રોલિંગ મિલોમાં RCMની માંગ પ્રત્યે સરકારના ઉદાસીન વલણથી ઉદ્યોગને ભોગવવી પડતી મુશ્કેલી**



ભાવનગર,તા.૩

ભાવનગર જિલ્લામાં શિપ બ્રેકીગ યાર્ડમાંથી નીકળતા સ્ક્રેપને પગલે જિલ્લામાં સળિયા લોખંડના બનાવવાની રોલિંગ મિલનો ઉદ્યોગ ચાલી રહ્યો છે. બજેટના પગલે સ્ક્રેપને ફાયદો તો નથી પરંતુ તેનું ભારણ વધ્યું છે. ત્યારે એસોસિએશન દ્વારા લાંબા સમયથી કરવામાં આવતી માંગને આખરે આપવામાં કેમ સહમત નથી તેવા પ્રશ્નાર્થ ઉભો થયો છે.

ભાવનગર જિલ્લામાં આશરે ૮૦ રોલિંગ મિલ અને ૭૦ જેટલા ફરનેસ પ્લાન્ટ છે. સિહોર સ્ટીલ રોલિંગ મિલ એસોસિએશનના પ્રમુખ હરેશ પટેલે જણાવ્યું કે, હાલમાં ૮૦ રોલિંગ મિલ છે અને બીજા ફરનેસના પ્લાન્ટ છે, આમ કુલ ૧૬૦ જેટલા સેક્ટર કામ કરી રહ્યા છે. સળિયાના ભાવની વાત કરીએ તો હાલ ટનના ૫૭૦૦૦થી ૫૮૦૦૦ રૂપિયાનો ભાવ ચાલી રહ્યો છે. હાલમાં સ્ક્રેપનો ભાવ જોઈએ તો ૩૨,૫૦૦થી લઈને ૩૩,૦૦૦ રૂપિયા ટનનો ચાલી રહ્યો છે. જોકે કોઈ મોટો તફાવત કે ફેરફાર થયો નથી. હાલમાં જે બજેટ ગયું છે તેમાં ઈન્કમટેક્સમાં જે TCS એક ટકો હતો તેના બે ટકા કર્યા છે જેથી સ્ક્રેપના ભાવમાં તો વધારો નહી થાય પરંતુ જે ઉદ્યોગકારો TCS ભરતા હતા તેને એક ટકાનો વધારો થશે એટલે તેને આર્થિક બોજ વધશે. વર્ષના અંતે આ પૈસા પરત આવી જતા હોવાથી ચિંતા જેવું ઉદ્યોગકારો માટે નથી પરંતુ વર્ષ દરમિયાન આર્થિક ભારણ વધશે રોલિંગ મિલ એસોસિએશનના પ્રમુખે વધુમાં જણાવ્યું હતું કે, અમે લાંબા સમયથી RCM એટલે રિવર્સ ચાર્જ મિકેનિઝમ કરી આપવાની માંગ કરી રહ્યા છીએ. આખા દેશના અનેક એસોસિએશને આ માંગ કરી છે. બોગસ બિલિંગો થયા છે, ટેક્સ ચોરી થઈ છે જેને પગલે અમે સરકારને વારંવાર રજૂઆત કરી છે. ઈઝર એટલે કે અમે જેની પાસેથી માલ લઈએ છીએ તેના ઉપરનો ટેક્સ અમે જ ભરી દઈએ તે. સરકારના બેઠેલા અધિકારીઓ આ કેમ કરતા નથી તે પ્રશ્ન છે. હાલમાં જેની પાસેથી માલ ખરીદો છો તે અમારી પાસેથી પણ ટેક્સના પૈસા લે છે અને બાદમાં તે ભરતો નથી તો અમારા માથે ડબલ બોજ આવે છે. આથી ઉદ્યોગકારોને બેવડો માર પડે છે. આથી ઈઝર ઝડપથી લાગુ થાય તેવી માંગ છે.

## શહેરના મામાકોઠામાં ડીજે વગાડવાની માથાકૂટમાં ધોકા અને તલવાર ઉછળી

ભાવનગર,તા.૩

ભાવનગર શહેરના મામા કોઠા રોડ ન્યાયાધીશ વાળો ખાચો, દાંતિયા વાળી શેરીમાં રહેતા ભાવિકભાઈ કનુભાઈ મકવાણાના લતામાં લગ્ન પ્રસંગે રાત્રે ડીજેના ગીતો વગાડવા બાબતે તેને તે વિસ્તારમાં જ રહેતા સુરેશભાઈ શાંતિભાઈ ટેભાણી સાથે બોલાચાલી થયેલ તેની દાઝ રાખી રાત્રિના આ સુરેશભાઈ તથા રિદ્ધિબેન શાંતિભાઈ ટેભાણી, શારદાબેન શાંતિભાઈ ટેભાણી અને શાંતિભાઈ ટેભાણીએ એક સંપ કરી ભાવિકભાઈને તથા તેના પિતાને ધોકા વડે માર મારી ઈજા પહોંચાડવાની ફરિયાદ તથા સામાપક્ષે આ બાબતે જ સુરેશભાઈ શાંતિભાઈ ટેભાણીએ રાહુલ તુલસીભાઈ ચૌહાણ, જીગો તુલસીભાઈ ચૌહાણ અને કનુભાઈ મકવાણા સામે પણ તલવાર પાઈપ અને ધોકા વડે માર માર્યાની ફરિયાદ ગંગાજળિયા પોલીસ મથકમાં નોંધાતા પોલીસે બંને ફરિયાદ લઈ તપાસ હાથ ધરી હતી.



## અલંગ યાર્ડમાં વિરાટ ક્રૂઝ જહાજ ભંગાણ માટે પહોંચ્યું

### ૧૦ માળ, ૪૭૬ કેબિન અને ૧૧,૭૮૦ ટનનું વજન ધરાવે છે આ જહાજ

ભાવનગર,તા.૩

વિશ્વ વિખ્યાત અલંગ શિપ બ્રેકિંગ યાર્ડમાં લાંબા સમય બાદ એક ક્રૂઝ જહાજ ભંગાણ માટે પહોંચ્યું છે.

પ્રાપ્ત માહિતી મુજબ આ ક્રૂઝ જહાજ ૧૧,૭૮૦ મેટ્રિક ટન વજન ધરાવે છે. તેમાં ૪૭૬ કેબિન અને ૧૦ માળ છે, જે તેને એક વિશાળ જહાજ બનાવે છે.

અલંગ શિપ બ્રેકિંગ ઉદ્યોગમાં લાંબા સમયથી ચાલી રહેલી મંદી વચ્ચે આ ક્રૂઝ જહાજનું આગમન એક સકારાત્મક સંકેત માનવામાં આવે છે. અલંગ યાર્ડમાં દેશ-વિદેશથી વિવિધ પ્રકારના જહાજો ભંગાણ માટે આવતા હોય છે, જેમાં પેસેન્જર અને ક્રૂઝ શિપ પણ સામેલ હોય છે.

## પ્રેમ લગ્નનો ખાર રાખી પિતાએ પુત્રીને જાહેરમાં માર માર્યો, ગાળો ભાંડી

### દીકરી પ્રત્યે મનદુઃખ રાખીને જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની ફરિયાદ નોંધાઈ

ભાવનગર,તા.૩

ભાવનગરના ઘોઘારોડ વિસ્તારમાં પ્રેમ લગ્ન કરનાર પુત્રી પર તેના પિતાએ હુમલો કરી ગાળો ભાંડી જાનથી મારી નાખવાની ધમકી આપતા દીકરીએ પિતા વિરુદ્ધ ઘોઘા રોડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી.

જાણવા મળતી વિગતો અનુસાર ઘોઘારોડ મારૂતિનગર ખાતે રહેતા અને ઘરકામ કરતા કિષ્ના ડાભીએ આશરે એકાદ વર્ષ પહેલા પોતાની જ જ્ઞાતિના દિવ્યરાજ સાથે પ્રેમ લગ્ન કર્યા હતાં. આ લગ્ન કિષ્નાબેનના પિતા મનજીભાઈ મકવાણાને મંજૂરના હોય, તેઓ દીકરી પ્રત્યે મનદુઃખ રાખતા હતાં.જેમાં ગત ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ સાંજે આશરે પાંચ વાગ્યે કિષ્નાબેન અને તેમના પતિ દિવ્યરાજ મોટરસાયકલ પર સવાર થઈને મારૂતિનગર શેરી નં-૪માં તેમના દેર દિપકભાઈના લગ્નમાં જઈ રહ્યા હતા, આ દરમિયાન કિષ્નાબેનના પિતા મનજીભાઈ ત્યાં આવી પહોંચ્યા હતાં. કિષ્નાબેન ગાડી પરથી નીચે ઉતરતા જ પિતાએ પોતાની ગાડી તેમની સાથે ભટકાવી હતી અને ત્યારબાદ ત્યાં ઉભેલી એક ફોર વ્હીલર સાથે પણ અથડાવી હતી.

પિતાએ ઉશ્કેરાઈ જઈને કિષ્નાબેનને આડેધડ માર મારવાનું શરૂ કર્યું હતું અને જાહેરમાં બિભત્સ ગાળો આપી હતી. આ સમયે કિષ્નાબેનના સાસરી પક્ષના સભ્યો તથા પતિ વચ્ચે પડતા પિતા મનજીભાઈ જાનથી મારી નાખવાની ધમકી આપી ત્યાંથી નાસી છૂટ્યા હતાં.

ઘટના બાદ ભોગ બનનાર કિષ્નાબેનને સારવાર અર્થે સર ટી. હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતાં. જ્યાં પ્રાથમિક તપાસ બાદ તેમને રજા આપવામાં આવતા, તેમણે પિતા મનજીભાઈ મકવાણા વિરુદ્ધ ઘોઘા રોડ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બગદાણા હુમલા પ્રકરણનો આરોપી બાઈક ચોર કૌભાંડનો મુખ્ય સૂત્રધાર નીકળ્યો

સુરત,તા.૩

સુરતના વરાછા વિસ્તારમાં બાઈક ચોરીના ગુનાઓ ઉકેલવા માટે પોલીસે હાથ ધરેલી તપાસમાં મોટી સફળતા મળી છે. ભાવનગરના બગદાણામાં નવનીત બાલધીયા પર હુમલો કરનાર કુખ્યાત આરોપી કાનુ કામળીયા જ આ વાહન ચોરીના કૌભાંડનો મુખ્ય સૂત્રધાર નીકળ્યો છે. સુરતની વરાછા પોલીસે બાતમી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે કાર્યવાહી કરી બે શખ્સોની ધરપકડ કરી છે. આ શખ્સો સુરતના અલગ-અલગ વિસ્તારોમાંથી બાઈક ચોરી કરી અન્ય રાજ્યોમાં વેચી મારવાનું વ્યવસ્થિત કૌભાંડ ચલાવતા હતા.

ધરપકડ કરાયેલ આરોપીઓમાં કાનુ કામળીયા અને અંકુર વાટલિયા બંને ભાવનગર જિલ્લાના વતનીનો સમાવેશ થાય છે. વરાછા પોલીસે કુલ ૮ બાઈક જપ્ત કરી છે, જેની કિંમત અંદાજે ૨.૦૬ લાખ થી વધુ થાય છે. વરાછા પોલીસ સ્ટેશનના ૭ અને અશ્વિનીકુમાર પોલીસ સ્ટેશનનો ૧ ગુનો ઉકેલાયો છે.

પોલીસ તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે કે, પકડાયેલ આરોપી કાનુ કામળીયા અગાઉ ભાવનગરના બગદાણા ખાતે થયેલા ચકચારી હુમલા કેસમાં પણ સંડોવાયેલો હતો. તે નવનીત બાલધીયા પર હુમલો કરનારી ટીમનો સભ્ય હતો. જેલમાંથી કાનુ કામળીયાનો કબજો મેળવી વરાછા પોલીસે વાહન ચોરીના ગુનામાં તેની વિધિવત ધરપકડ કરી સુરત લાવી છે.



આલોક કુમાર (ડીસીપી સુરત પોલીસ) એ જણાવ્યું હતું કે વરાછા પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફ અને વરાછા પી.આઈ. ને એક બાતમી મળી હતી કે, એક જે બાઈક ચોરી કરનારી ગેંગ છે, તે વરાછાના અલગ-અલગ વિસ્તારમાં જઈને ત્યાંથી બાઈક ચોરી કરે છે. આ બાતમીના આધારે અને સીસીટીવી તથા ટેકનિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે અમે આમાં સતત મોનિટરિંગ કર્યું, અલગ-અલગ ટીમ બનાવીને અને કુલ ૮ બાઈક રિકવર થયા છે, જેની કુલ મુદ્દામાલની કિંમત ૨.૦૬ લાખ રૂપિયા છે.

આ આરોપીનું નામ કાનુભાઈ કામળીયા છે, જે ભાવનગર જિલ્લાનો રહેવાસી છે અને બીજા આરોપીનું નામ અંકુર વટાલિયા છે, જે

અનુસંધાન ૬

**જેલમાંથી કાનુ કામળીયાનો કબજો મેળવતી સુરત પોલીસ; ચોરીની બાઈક અલગ અલગ રાજ્યોમાં વેચી મારવાના ગુન્હામાં જિલ્લાના કુલ બે આરોપી ઝડપાયા**

## આજે સવારથી મહુવા અને જેસર પંથકમાં વ્યાપક વીજ દરોડા

**એસઆરપી અને પોલીસ બંદોબસ્ત સાથે ૪૧ ટીમ દવારા સામુહિક ચેકીંગ: ગઈકાલે ભાવનગર રૂરલ ડિવિઝનમાંથી ૪૩.૪૯ લાખની વીજચોરી ઝડપાઈ**

ભાવનગર,તા.૩

ભાવનગર જિલ્લામાં લાંબા સમયથી વીજ ચેકીંગ હાથ ધરી વીજચોરો સામે તવાઈ બોલાવાઈ છે ત્યારે આજે સવારથી મહુવા અને જેસર પંથકમાં ચેકીંગ અર્થે ૪૧ ટિમો ઉતારી પડી છે જેમાં ભાવનગર ઉપરાંત બોટાદ, અમરેલી અને સુરેન્દ્રનગરની ટીમો દ્વારા એસઆરપી અને પોલીસ બંદોબસ્ત તાલે સામુહિક ચેકીંગ હાથ ધરતા વીજચોરોમાં ફફડાટ મચી ગયો હતો. કેટલાક જોડાણોમાંથી વીજચોરી મળી આવી છે હાલ કાર્યવાહી ચાલુ હોય બપોર બાદ વિગતો જાહેર થશે.

ગઈકાલે પણ PGVCL ભાવનગર સર્કલમાં GUVNLની કોર્પોરેટ ડ્રાઈવમાં વીજ ચેકિંગની કાર્યવાહીમાં ભાવનગર રૂરલ ડિવિઝન વિસ્તારમાં દરોડા પાડવામાં આવ્યા હતા. ય્ફઝન્ના ભાવનગર રૂરલ ડિવિઝન નીચે આવતા સિહોર, વલભીપુર અને ભાવનગર તાલુકાના સિહોર રૂરલ, સિહોર ટાઉન, વરતેજ અને વલભીપુર સબ ડિવિઝન નીચેના ગામોમાં વીજ ચેકિંગની કાર્યવાહીમાં

અનુસંધાન ૬

## ૨ રાજ્યવેરા અધિકારી અને ૧૧ નિરીક્ષકની બદલી

### સ્ટેટ જીએસટી વિભાગમાં બદલીનો ગંજીપો ચીપાયો

ભાવનગર,તા.૩

સ્ટેટ જીએસટી વિભાગ દ્વારા બદલીનો ગંજીપો ચીપાતા રાજ્યના કુલ ૭૬ રાજ્યવેરા અધિકારી અને ૨૭૪ રાજ્યવેરા નિરીક્ષકની બદલીના આદેશ કરવામાં આવ્યા છે. જેમાંથી ભાવનગરના બે રાજ્યવેરા અધિકારી તથા ૧૧ રાજ્યવેરા નિરીક્ષકોની બદલી કરવામાં આવી છે.

સ્ટેટ જીએસટી વિભાગમાં રાજ્યવેરા અધિકારી (એસટીઓ) અને રાજ્યવેરા નિરીક્ષક (એસટીઆઈ)ની બદલીના આદેશ વડી કચેરી દ્વારા કરવામાં આવ્યા છે. જેમાં રાજ્યમાં ફરજ બજાવી રહેલા ૭૬ એસટીઓ અને ૨૭૪ એસટીઆઈની બદલીના આદેશ કરવામાં આવ્યા છે. જેમાંથી વિભાગ-૯ અન્વેષણ મોબાઈલ સ્ક્વોર્ડમાં ફરજ બજાવતા મોંઘજીભાઈ ગણેશભાઈ પટેલની અમદાવાદ અને મિરાજ મુકેશભાઈ કળથીયાની નડીયાદ બદલી થઈ છે. આ ઉપરાંત ભાવનગર વિભાગમાં ફરજ બજાવતા ૧૧ રાજ્યવેરા નિરીક્ષકોની બદલીના આદેશ મુખ્ય રાજ્યવેરા કમિશનર કચેરી દ્વારા કરવામાં આવ્યા હોવાનું જાણવા મળ્યું છે.